Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૯ મું. આત્મ સં. ૫૫ સંવત ૨૦૦૮.

અંક ૮ મો. તા. ૧૫-૩-૫૨ ફાલ્ગુન

વાર્ષિક લવાજમ રૂા. ૩-૦-૦ પોસ્ટેજ સહિત.

પ્રકાશકઃ-

શ્રી જૈન આત્માનંદ સભા,

ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા.


૧ સામાન્ય જિન સ્તવન. ... ... ... ( લે. પં. શ્રી દક્ષવિજયજી ગણિ ) ... ૧૦૯
૨ આચાર્ય ભગવાન મલ્લવાદી ક્ષમાશ્રમણ ભર્તૃહરિનો સમય. (લે. મુનિરાજશ્રી જંબૂવિજયજી)... ૧૧૦
૩ સભાની કાર્યવાહી માટે ખાસ અભિપ્રાય ... ... ... ... ... ... ૧૧૪
૪ સિદ્ધસેન દિવાકરની કૃતિઓ. ... ( લે. પ્રો. હીરાલાલ ર. કાપડીયા એમ. એ. ) ... ૧૧૫
૫ ચંદ્રબાહુ જિન સ્તવન સાર્થ. ... ( ડૉ. વલ્લભદાસ નેણસીભાઇ-મોરબી ) ... ૧૧૭
૬ માનવદેહ. ... ... ... ( શ્રીમતી કમળાબ્હેન સુતરીયા એમ. એ. ) ... ૧૧૯
૭ શ્રી તીર્થંકર ચરિત્ર (સચિત્ર) ગ્રંથ માટે મળેલાં વિદ્વાન મુનિમહારાજોના અભિપ્રાયો.) ... ૧૨૦
૮ વર્તમાન સમાચાર. ( સભા ) ... ... ... ... ... ... ... ૧૨૧
૯સ્વીકાર સમાલોચના. ( ,, ) ... ... ... ... ... ... ... ૧૨૩


## નમ્ર નિવેદન.

### ( અમારા માનવંતા સભાસદોને )

ગયા વર્ષમાં જે બે ગ્રંથો ભેટના આપવા આત્માનંદ પ્રકાશમાં જણાવેલ હતું, તે બંને ગ્રંથોમાંથી એક પણ ગ્રંથ, પ્રેસની કંઇક અનિયમીતતા, ઉંચા ટકાઉ કાગળોની અછતને લઇ મળવામાં થતી ઢીલ, ચિત્રો માટે બ્લોકો બનાવવા બ્હાર ગામોથી તૈયાર થઇ આવતાં થતો વિલંબ વગેરે કારણોથી પ્રગટ થઇ શકયા નહિં, પરંતુ હાલ આ માસમાં તે માંહેનો એક **જૈન કથારત્ન કોષ ગ્રંથ** માત્ર પુર્ણ થતાં પ્રકટ થયો છે, એટલે આવતા વર્ષમાં બાકીનો ગ્રંથ કે બીજા છપાતા ગ્રંથો ( તે પણ ઘણા મ્હોટા હોવાથી ) કયારે પૂર્ણ છપાઇ રહેશે તે ઉપરોક્ત કારણોથી કહી શકાય તેવું નથી, તેથી **૧ કથારત્ન કોષ ગ્રંથ** કિંમત રૂા. ૧૦-૦-૦ બીજો તૈયાર થયેલ **શ્રી તીર્થંકર ભગવંત સચિત્ર ચરિત્રો** રૂા. ૬-૦-૦ ( સુંદર કળાની દૃષ્ટિએ અનુપમ ) ૩ અનેકાંતવાદ રૂા. ૧-૦-૦ ૪ ભકિત ભાવના નૂતન સ્તવન સંગ્રહ રૂા. -૦-૮-૦ મળી કુલ એ ચાર ગ્રંથો રૂા. ૧૭-૮-૦ ના સં. **૨૦૦૭-૨૦૦૮** બંને વર્ષે માટેના **ભેટ** આપવાના છે. જેથી તે ગેરવલ્લે ન જાય તેથી પોસ્ટેજ રજીષ્ટર ( પેકીંગ ) પૂરતું રૂા. **૧-૧૨-૦** નું વી. પી. કરીને ચૈત્ર શુદ ૧ ના રોજથી ક્રમસર ભેટ મોકલવાનું શરૂ કરાવામાં આવશે જેથી દરેક સભાસદ બંધુઓએ તે સ્વીકારી લેવા તસ્દી લેવી. બીજા વર્ગના લાઇફ મેમ્બરોને તે ધારા પ્રમાણે ભેટ આપવાના છે તે પણ શરૂ થશે. **ભાવનગરના** સભાસદ બંધુઓએ ઉપરનું નિવેદન વાંચી સભાની ઓફીસે આવી લઇ જવા તસ્દી લેવી.

## અમારા આત્માનંદ પ્રકાશના વાંચકોને પરમાત્માના દર્શનનો નવો અપૂર્વ લાભ.

પરમકૃપાળુ સાક્ષરવર્ય મુનિરાજશ્રી **જમ્બૂવિજયજી મહારાજ** હાલ માલેગામ બિરાજે છે. તેઓશ્રીના દક્ષિણ હિંદના વિહાર દરમ્યાન પ્રાચીન તીર્થો-મંદિરોમાંની પ્રાચીન ભવ્ય, ચમત્કારિક જિનેશ્વર ભગવંતોની પ્રતિમાઓના ફોટા લેવરાવી જૈન સમાજને દર્શનનો લાભ અવાર-નવાર લેવરાવે છે, તેજ રીતે હાલમાં શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ ભગવાનની ( બાલાપુરના ) પ્રાચીન ભવ્ય પ્રતિમાનો ફોટો લેવરાવી શ્રી આત્માનંદ પ્રકાશમાં દાખલ કરી જૈન સામાજ પરમાત્મા શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ પરમાત્માના દર્શનનો નિરંતર લાભ લે તેવી આજ્ઞા કરવાથી આ અંકમાં તે પૂજ્ય પરમાત્માનો ફોટો મુકવામાં આવ્યો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

477

બાલાપુર ( વરાડ ) નિવાસી શેઠ સોનલાલભાઇ પોપટલાલ તરફથી
શ્રી સંઘને દર્શનાર્થે ભેટ.



બાલાપુર મંડન શ્રી ચિંતામણી પાર્શ્વનાથ ભગવાન
( ૨૦૦૭ ના જેઠ શુદ ૫ ના રોજ કળશારોપણ મહોત્સવ પ્રસંગે
લેવાયેલ તસ્વીર )

પ્રકાશક—શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર.

Mahodaya Press—Bhavnagar

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશક:—શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર ...

વીર સં. ૨૪૭૮. ફાગણ. પુસ્તક ૪૯ મું.

વિક્રમ સં. ૨૦૦૮. :: તા. ૧૫ મી માર્ચ ૧૯૫૨ :: અંક ૮ મો.


## સામાન્ય જિન સ્તવન. [અનજાન]

( મૈં તો તુમસે બંધી રહું–એ રાહ )

મૈં તો જિનજી! અર્જ કરું, જિનજી અર્જ કરું;
દર્શન તુમ્હારા પ્યારા, દીજીએ દર્શન તુમ્હારા પ્યારા. ( ૧ )

દર્શન તુમ્હારા પ્યારા, સદા મેરે પાપોંકા કાટનહારા;
દર્શન તુમ્હારા દિલારા, સભી મેરે દુ:ખોંકા ટાલનહારા;
વિશ્વ જીવન કે જિનજી સહારા,
દીજીએ દર્શન તુમ્હારા પ્યારા. મૈં તો૦ ( ૨ )

શરન તુમ્હારા પ્યારા, મુઝે દે દો જિણંદા! મંગલકારા;
શરન તુમ્હારા ઉદારા, સુખકારા ભવસિંધુ જહાજ નિહારા;
**નેમિ–લાવણ્ય–દક્ષ**–સહારા,
દીજીએ શરન તુમ્હારા પ્યારા. મૈં તો૦ ( ૩ )

—પં. શ્રી દક્ષવિજયજી ગણિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આચાર્ય ભગવાન મલ્લવાદિક્ષમાશ્રમણ અને ભર્તૃહરિનો સમય

લેખકઃ—પૂજ્ય મુનિરાજ શ્રી જંબૂવિજયજી

જિનશાસનપ્રભાવક તાર્કિકશિરોમણિ આચાર્યપ્રવર **શ્રીમલ્લવાદિક્ષ**માશ્રમણજીના સમય વિષે તેમણે રચેલ **નયચક્ર**ગ્રંથમાં કોઈ ચોક્કસ ઉલ્લેખ જોવામાં આવતો નથી, પરંતુ પ્રભાવકચરિત્રકાર શ્રીપ્રભાચન્દ્રસૂરિજીએ **પ્રભાવકચરિત્ર**ના **विजयसिंहसूरिप्रबंध**માં આ. શ્રી**મલ્લવાદી**ના સમય વિષે જણાવ્યું છે કે—

**श्रीवीरवत्सरादथ शताष्टके चतुरशीतिसंयुक्ते ।**
**जिग्ये स मल्लवादी बौद्धांस्तद्व्यन्तरांश्चापि ॥ ८३ ॥**

"શ્રીવીરનિર્વાણથી ૮૮૪ વર્ષે (અર્થાત્ વિક્રમ સં. ૪૧૪માં) બૌદ્ધ અને બૌદ્ધ વ્યંતરદેવોને તે મલ્લવાદીએ જીત્યા."

આ લખતી વખતે **પ્રભાવકચરિત્ર**કાર **શ્રીપ્રભાચન્દ્રસૂરિ** સામે અવશ્ય કોઈ એવી પરંપરા હશે કે જેને આધારે તેમણે **મલ્લવાદી**એ બૌદ્ધો ઉપર વિજય મેળવ્યાનો સમય વિક્રમ **સં. ૪૧૪** જણાવ્યો છે. આ શ્રી**મલ્લવાદી**એ રચેલા ગ્રંથો પૈકી એક માત્ર **નયચક્ર**ગ્રંથ જ અત્યારે મળી શકે છે. જો કે **નયચક્રગ્રંથ** પણ મૂલરૂપે નષ્ટ થઈ ગયો જ અત્યારે માનવામાં આવે છે, છતાં એના ઉપર **सिंहसूरिगणिवादिक्षमाश्रमण** નામના (વિક્રમની છઠ્ઠી–સાતમી શતાબ્દીના) આચાર્યે રચેલી '**ન્યાયાગમાનુસારિણી**' નામની ૧૮૦૦૦ શ્લોકપ્રમાણ ટીકા જે મળી આવે છે તેમાંના મૂળનાં પ્રતીકોને ભેગાં કરીને તેમજ બીજી પણ અનેકવિધ સામગ્રીના આધારે આપણે મૂળગ્રંથને ઘણા અંશે તૈયાર કરી શકીએ તેમ છીએ. આ **નયચક્ર**ના અંતરંગનું મેં અનેક વાર પરિશીલન કર્યું છે. તેમાં જે જે અન્ય ગ્રંથકારોનો તેમજ તેમનાં વાક્યોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે બધાં એટલાં બધાં પ્રાચીન છે કે–તેની સાથે ઉપર જણાવેલ વિક્રમ સં. ૪૧૪નો કોઈપણ રીતે વિરોધ આવી શકતો નથી. જે કંઈ વિરોધની કલ્પના આવતી હતી તે **ભર્તૃહરિ**ના સમય સાથે આવતી હતી, કારણ કે **નયચક્ર**માં શ્રી**મલ્લવાદી**એ **ભર્તૃહરિ**ની અનેક કારિકાઓ **वाक्यपदीय** નામના **ભર્તૃહરિ**ના ગ્રંથમાંથી ઉદ્ધૃત કરી છે.

આ **ભર્તૃહરિ**ના સમય વિષે **ભર્તૃહરિ**ના ગ્રંથોમાં તેમજ બીજા કોઈ ભારતીય ગ્રંથોમાં કોઈ ચોક્કસ ઉલ્લેખ જોવામાં આવતો નથી. ચીની યાત્રી **ઈત્સિંગે** ભારતવર્ષમાં પર્યટન કર્યા પછી તેનાં સ્મરણોની નોંધરૂપે એક ગ્રંથ ચીની [1]ભાષામાં લગભગ ઈસ્વીસન ૬૯૧ માં લખ્યો છે.

---

૧ આ ગ્રંથનું ઈંગ્લીશ ભાષાંતર Dr. J. Takakusuએ કરેલું છે અને તેનું નામ A record of Buddhist religion practicised in India and the Malaya Archipelago (published by the Oxford University) એ પ્રમાણે છે. આ ઈંગ્લીશ ઉપરથી કાશીની નાગરીપ્રચારિણી સભા તરફથી એક હિંદી ભાષાંતર પણ પ્રગટ થયું છે.

For Private And Personal Use Only

તેમાં તેણે **ભર્તૃહરિ**ના સંબંધમાં જણાવ્યું છે કે **ભર્તૃહરિ** નામે **એક શૂન્યતાવાદી** મહાન્ **બૌદ્ધ** પંડિત હતો. તે સાત સાત વાર બૌદ્ધભિક્ષુ બન્યો હતો. અને સાંસારિક મોહથી ભિક્ષુત્વનો ત્યાગ કરીને ફરી પાછો ગૃહસ્થ બનતો હતો. તેનું મૃત્યુ થયે આજે ૪૦ વર્ષ થયાં છે." ઇત્સિંગે આ વૃત્તાંત ઇસ્વીસન ૬૯૧ માં લખ્યો હોવાથી બધા જ ઐતિહાસિક સંશોધકોએ ઇત્સિંગના આ કથનને આધારે **ભર્તૃહરિ**નું મૃત્યુ નિર્વિવાદ રીતે ઇસ્વીસન ૬૫૦ માં થયું છે અને તે આધારે તેમણે બીજા પણ ઘણા ગ્રંથકારોનો સમય નક્કી કરી નાખ્યો છે. **ઇત્સિંગ**ના કથનની સત્યતા વિષે-વિશ્વસનીયતા વિષે ઘણી આશંકા ઉત્પન્ન થાય એવું હોવા છતાં પણ એના વિષે ભાગ્યે જ વિચાર કરવામાં આવ્યો છે.

'**ભર્તૃહરિ** શૂન્યવાદી બૌદ્ધ પંડિત હતો' આ વાત કોઇ રીતે માની શકાય તેમ નથી, કારણ કે **ભર્તૃહરિનું વાક્યપદીય** જોતાં એ વૈદિકશિરોમણિ અને અદ્વૈતવાદી હતો એ સ્પષ્ટ જોઇ શકાય છે. પાછળથી તેણે ધર્મપરિવર્તન કર્યું હોય એવો કોઇ પણ સ્થળે નિર્દેશ મળતો નથી.

**ભર્તૃહરિ** મહાવૈયાકરણ **વસુરાત**નો શિષ્ય હતો, એમ **વાક્યપદીય** કાંડ બીજાની ટીકામાં **પુણ્યરાજે** જણાવ્યું છે. આ. શ્રી **મલ્લવાદી**એ પણ **નયચક્ર**માં **इति भर्तृहर्यादिमतम्। वसुरातस्य भर्तृहर्युपाध्यायस्य मतं तु** તથા **एवं तावद् भर्तृहर्यादिदर्शनमयुक्तम्। यत्तु वसुरातो भर्तृहरे-रुपाध्याय......**એ પ્રમાણે **ભર્તૃહરિ**ના ઉપાધ્યાય તરીકે **વસુરાત**નો ઉલ્લેખ અનેકવાર કર્યો છે. ઇસ્વીસન ૫૬૦ આસપાસમાં **પરમાર્થ** કે જે **ઉજ્જયિની**નો પંડિત હતો અને **ચીન**માં જઇને રહ્યો હતો તેણે **ચીની** ભાષામાં **વસુબંધુ**નું ચરિત્ર[1] લખ્યું છે. તેમાં તેણે જણાવ્યું છે કે— "મહાવૈયાકરણ **વસુરાતે** વસુબંધુએ રચેલા **અભિધર્મકોશ**માં વ્યાકરણ સંબંધી દોષો જણાવ્યા હતા. એટલે **વસુબંધુ**એ દોષોનો પરિહાર કરવા માટે **વસુરાત** સામે એક ગ્રંથ બનાવ્યો હતો" આ વાતને બધા જ વિદ્વાનો સ્વીકારે છે, તેમજ **ભર્તૃહરિ** આ **વસુરાત**નો શિષ્ય હતો એમ પણ બધા જ સ્વીકારે છે છતાં ત્રીજી-ચોથી શતાબ્દીમાં થયેલા **વસુબંધુ**ના સમકાલીન **વસુરાત**ના શિષ્ય **ભર્તૃહરિ**નું મૃત્યુ ઇસ્વીસન ૬૫૦ માં સંભવી જ શી રીતે શકે? એ વાતનો ભાગ્યે જ કોઇએ વિચાર પણ કર્યો છે. અલબત્ત, આ વિસંગતિને દૂર કરવા માટે ડૉ. **જે. તકકુશુ**એ (J. TAKAKUSU) રોયલ એસિઆટિક સોસાયટી, **લંડન**ના જર્નલના **સને ૧૯૦૫**ના અંકમાં Date of Vasubandhu નામના એક લેખમાં પ્રયત્ન કર્યો છે, પરંતુ તે અર્થહીન છે. ડૉ. **તકકુશુ**નું કહેવું છે કે—"**ભર્તૃહરિ**ને **વસુરાત**નો પરંપરાશિષ્ય માનવાથી એ વિસંગતિ ટળી જશે." પરંતુ પરંપરાશિષ્ય માનવાનું કંઇ જ કારણ નથી. **નયચક્ર**માં '**ભર્તૃહરિ**ના ઉપાધ્યાય' તરીકે **વસુરાત**નો ઉલ્લેખ જોતાં કોઇપણ રીતે **ભર્તૃહરિ**ને **વસુરાત**નો પરંપરાશિષ્ય માની શકાય નહિં. સંભવ છે કે-કોઇ બીજો **ભર્તૃહરિ** નામનો બૌદ્ધ પંડિત હોય અને **ઇત્સિંગે** ભૂલથી તેનો મહાવૈયાકરણ **વાક્યપદીયકાર ભર્તૃહરિ** સાથે નામ-સામ્યથી અભેદ માની લીધો હોય. આથી કેટલાક વિદ્વાનો **ભર્તૃહરિ**ના સમય વિષે અત્યંત શંકાશીલ હતા.

પરંતુ આ બાબતમાં અત્યંત સુંદર પ્રકાશ પાડતું અને તદ્દન નવું જ એક નિશ્ચયાત્મક પ્રમાણ મળી આવ્યું છે કે જે તદ્દન આશ્ચર્યજનક છે અને ભારતીય દર્શનસાહિત્યના ઇતિહાસમાં નવો જ ધડાકો કરનારું છે.

---

૧ આ ચરિત્ર **તોઙ્ગ-પો** નામના ફ્રેંચ પત્રમાં પ્રસિદ્ધ થયું છે. સને ૧૯૦૪, જુલાઇ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બૌદ્ધ આચાર્ય **દિગ્નાગ** કે જે Father of the Buddhist Logic ના નામથી પ્રસિદ્ધ છે અને જે **વસુબંધુનો** શિષ્ય હતો તેણે **प्रमाणसमुच्चय** નામના એક મહાન્ દાર્શનિક ગ્રંથની રચના કરી છે. આનાં ૬ પ્રકરણો છે. તેના ઉપર **દિગ્નાગે** સ્વોપજ્ઞવૃત્તિ પણ રચેલી છે. વૃત્તિ ઉપર **જિનેંદ્રબુદ્ધિએ વિશાલામલવતી** નામની ૯૦૦૦ શ્લોકપ્રમાણ ટીકા લખેલી છે. ( જિનેંદ્રબુદ્ધિનો સમય ઇસ્વીસન સાતમી શતાબ્દિમાં માનવામાં આવે છે. ) આ બધા જ **ગ્રંથો** અત્યારે **સંસ્કૃત** ભાષામાં નષ્ટ થઇ ગયા માનવામાં આવે છે, પરંતુ સદ્ભાગ્યે આ બધા ગ્રંથોનું લગભગ **૧૦૦૦ વર્ષ પૂર્વે બૌદ્ધ** સાધુઓએ ટિબેટન ભાષામાં કરેલું ભાષાંતર મળી આવે છે. બૌદ્ધસાધુઓ અને પંડિતોએ નાના-મોટા હજારો[1] ગ્રંથોનું ટિબેટનભાષામાં ભાષાંતર કરેલું છે. આ ભાષાંતરો એવાં વ્યવસ્થિત હોય છે કે એ ભાષાનો અભ્યાસ કર્યા પછી આપણે જો એ ભાષાંતરો વાંચીએ તો આપણને લગભગ એવું લાગે કે આપણે મૂળ સંસ્કૃત જ વાંચી રહ્યા છીએ. આ ભાષાંતરોનાં બે વિભાગ છે: એકનું નામ **बूकऽ-ऽग्युर्** છે. આમાં **બુદ્ધનાં** વચનરૂપે મનાતા ગ્રંથોનો **સંગ્રહ** છે. બીજા વિભાગનું નામ **बूस्तन्ऽग्युर्** છે. આમાં સ્તોત્ર તન્ત્ર, વ્યાકરણ, કાવ્ય, કોશ, ન્યાય, નાટક, છંદ, વૈદ્યક, જ્યોતિષ, સૂત્રવૃત્તિ વગેરે હજારો નાના-મોટા ગ્રંથોનો સંગ્રહ છે. **बूस्तन्ऽग्युर्** નામના બીજા વિભાગમાં ત્રણ પેટા વિભાગો છે. તેમાં ત્રીજા પેટા વિભાગનું નામ **मूदो-ऽग्रेल्** ( Mdo ) છે. આમાં **चे** ( =૯૫ ) નંબરની પોથીમાં **પ્રમાણસમુચ્ચય,** તેની સ્વોપજ્ઞ-વૃત્તિ, **ન્યાયપ્રવેશ, ત્રિકાલપરીક્ષા** વગેરે **દિગ્નાગરચિત** ગ્રંથો તેમજ **ધર્મકીર્તિકૃત** પ્રમાણ-**વિનિશ્ચય, હેતુબિન્દુ, પ્રમાણવાર્તિક** વગેરે વગેરે અનેક ગ્રંથોનાં ભાષાંતર છે. તેમ જ **रे** (=૧૧૫) નંબરની પોથીમાં **વિશાલામલવતી** નામની **પ્રમાણસમુચ્ચય** ટીકાનું ટિબેટન ભાષાંતર છે. **नयचक्र**-ના સંશોધનમાં અત્યંત જરૂરી હોવાથી આ ગ્રંથો મેં લંડનની ઇન્ડીઆ ઓફીસની લાયબ્રેરીમાંથી ત્યાંના લાયબ્રેરીયન શ્રી **થોમ્પસનના** સૌજન્યથી તેમ જ **મદ્રાસની આડયરની** ( થિઓસોફિકલ ) લાયબ્રેરીમાંની **પુનાના** પ્રોફેસર વિદ્દર્ય શ્રી **વાસુદેવ વિશ્વનાથ** ગોખલે M. A. Ph. D.ના સૌજન્યથી મેળવ્યા છે. વિદ્વાનોને આશ્ચર્ય થશે કે આ **પ્રમાણસમુચ્ચયના** ૫ મા અપોહપરિચ્છેદના અંતભાગમાં **શબ્દાર્થની** ચર્ચા કરતાં **દિગ્નાગે ભર્તૃહરિના વાક્યપ્રદીપના** બીજા કાંડની ૧૫૬ મી તથા **૧૫૭** મી કારિકા ઉધ્ધૃત કરી છે. આની અવતરણિકા આપતાં ટીકાકાર **જિનેંદ્રબુદ્ધિએ વિશાલા-મલવતી** ટીકાના ૩૩૦ B નંબરના પાનામાં **ख-चिग्-तु गूचो-बोर् छ-शस् नंमूस लऽजुगूस्ते । जि स्कद्दु भर्तृहरिस्-यिस् स्मस्** એમ જણાવ્યું છે, સંસ્કૃતમાં તેનો અર્થ **क्वचित् मुख्या अवयवेषु प्रवृत्तिः । यथाऽऽह भर्तृहरिः** એવો થાય છે. એટલે એ બે કારિકાઓ **ભર્તૃહરિની** જ છે અને **દિગ્નાગે** તે ઉધ્ધૃત કરી છે, એમાં લેશમાત્ર શંકાને સ્થાન નથી. એ બે કારિકાઓ કે જે **દિગ્નાગે વાકયપદીયમાંથી** ઉધ્ધૃત કરી છે તે નીચે પ્રમાણે છે:—

| ટિબેટન ભાષાંતર | મૂળ સંસ્કૃત |
|---|---|
| थिग्स्-प दङ् नि छोग्स्-प यिन् । | बिन्दौ च समुदाये च |
| छु-सोग्स्-नंम्स्-ल जोंद्-ब्येद् नि । | वाचकः सलिलादिषु । |
| ग्रङ्स् दङ् छद् दङ् द्ब्यिब्स्-नंम्स्-ल । | सङ्ख्या-प्रमाण-संस्थान- |

[1] આ બધા ગ્રંથોની અનુક્રમણિકા( કેટલોગ ) **લેનિનગ્રાન્ડ**( રશિયા ), **ફ્રાન્સ** તથા **જાપાનથી** પ્રસિદ્ધ થઈ છે.

For Private And Personal Use Only

| | |
|---|---|
| स्तोस्-प-मेद-पर् ऽजुग्-पर्-ग्येद् । | निरपेक्षः प्रवर्तते ॥ |
| द्बिब्स्-स्दङ्-ख-दोग्-यन-लग्-र्नम्स् । | संस्थानवर्णावयवै- |
| ग्यस्-पर्-चद् ल गङ् ऽजुग्-प । | र्विशिष्टे यः प्रयुज्यते |
| दे-यि यन्-लग्-ल स्ग्र-नि । | शब्दः तस्यावयवे |
| ऽजुग्-प द्मिग्स्-प म यिन् ते । | न प्रवृत्तिरुपलभ्यते ॥ |

આ બંને કારિકાઓ વાક્યપદીપમાં બીજા કાંડમાં આ પ્રમાણે છેઃ

**संस्थानवर्णावयवैर्विशिष्टे यः प्रयुज्यते । शब्दो न तस्यावयवे प्रवृत्तिरुपलभ्यते ॥१५६॥**
**संख्याप्रमाणसंस्थाननिरपेक्षः प्रवर्तते । बिन्दौ च समुदाये च वाचकः सलिलादिषु ॥१५७॥**

આ બંને કારિકાઓને **દિગ્નાગે** ક્રમ બદલીને ઉધ્ધૃત કરી છે. **૧૫૭** મી કારિકાના ટિબેટના ભાષાંતરમાં પૂર્વાર્ધ–ઉત્તરાર્ધનો જે વ્યુત્ક્રમ જોવામાં આવે છે તે ટિબેટનભાષામાં તેવા પ્રકારની વાક્યરચના થતી હોવાથી ટિબેટન ભાષાંતરકારોએ કરેલો છે. ઘણે ઠેકાણે ટિબેટ ભાષાંતરકારો ટિબેટનભાષાની પદ્ધતિને અનુસરીને મૂળ સંસ્કૃતવાક્યરચનાના ક્રમમાં ફેરફાર કરી નાખે છે.

આ બે કારિકા ઉપર **જિનેંદ્રબુદ્ધિએ** ઘણી વિસ્તૃત ટીકા લખી છે. તેનો થોડો પ્રારંભનો ભાગ આ જાતનો છે—

**छु-सोग्स्-र्नमस-ल शेस्-पडि-सोग्स्-पडि स्ग्रस् स-ल-सोग्स्-प-योङ्स्-सु-ग्झुङ्-दो । ग्रङ्स्-ल-सोग्स्-प-ल-मि-ब्ल्तो-स्-प-ञिद्-क्यिस्-न छ-शस्-र्नम्स्-ल गचो-बोर् ऽजुग-प-ञिद् दु स्तोन-ते ।** આનું સંસ્કૃત આ પ્રમાણે છે–**सलिलादिषु इति 'आदि' शब्देन पृथिव्यादिपरिग्रहः । सङ्ख्यादिनिरपेक्षत्वेन अवयवेषु मुख्या प्रवृत्तिरेव दर्श्यते ।**

ઉપરના લખાણથી એ સ્પષ્ટ છે કે–**વાકયપદીય**ની રચના **પ્રમાણસમુચ્ચય** પહેલાં **થયેલી** છે. **પ્રમાણસમુચ્ચય**કાર દિગ્નાગ વસુબંધુનો સાક્ષાત્ શિષ્ય હોવાથી અને **વસુબંધુ**નો સમય વિક્રમની ચોથી શતાબ્દી આસપાસ હોવાથી **દિગ્નાગ**નો પણ એ જ સમય છે. **ભર્તૃહરિ**નો ગુરુ **વસુરાત વસુબંધુ**નો સમકાલીન હોવાથી **ભર્તૃહરિ** અને **દિગ્નાગ** બંને સમકાલીન વિદ્વાનો છે. હા, બંનેમાંથી કોઈ એક નાના-મોટા હોવા સંભવે છે, પણ છે તો સમકાલીન જ. ભારતીય ઇતિહાસમાં આ **એક** મહત્ત્વની વસ્તુ છે, કારણ કે **ભર્તૃહરિનું વાકયપદીય** એ એવો મહત્ત્વનો ગ્રંથ છે કે સેંકડો ગ્રંથોમાં એની કારિકાઓ ઉધ્ધૃત કરવામાં આવી છે એટલે તે તે ગ્રંથકારોનો પરંપરાથી તેમજ **અન્યપ્રમાણોથી** ભલે તે પ્રાચીન **સમય સિદ્ધ થતો** હોય તો પણ તેમના ગ્રંથમાં **ભર્તૃહરિના વાકયપદીય**ની કોઈ પણ કારિકાનો અંશ માત્ર પણ જોવામાં આવે કે તરત જ ઐતિહાસિકો **ઇત્સિંગે** જણાવેલા **ભર્તૃહરિ**ના ઇસ્વીસન ૬૫૦ મૃત્યુસમયને પ્રમાણભૂત માનીને તે તે ગ્રંથકારોને સન ૬૫૦ પછી મૂકી દે છે અને એ રીતે **ઘણીવાર** પરંપરાદિ પ્રમાણોને અન્યાય **થયો** છે.

હવે આપણે **ભર્તૃહરિ**ના સમય વિષેની માન્યતા બદલી જ નાખવી જોઈએ. **ઇત્સિંગ**નો તથાકથિત **સમય વાકયપદીય**કાર **ભર્તૃહરિ**ને લાગુ પાડી શકાય તેમ નથી, એટલે કાં તો **ઇત્સિંગ**ના વચનને **અસત્ય** માનવું જોઈએ અથવા તો જો તેમાં તથ્યાંશ હોય તો એ **ભર્તૃહરિ** બીજો જ કોઈ **ભર્તૃહરિ** હશે અને ઇત્સિંગે ભૂલથી તેને મહાવૈયાકરણ **ભર્તૃહરિ** તરીકે નામસામ્યથી માની લીધો હશે એમ માનવું યુક્ત લાગે છે.

આચાર્યશ્રી **મલ્લવાદીએ ભર્તૃહરિના વાકયપદીય**ની અનેક કારિકાઓની **નયચક્ર**માં સમા-

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શોધના કરી છે, પરંતુ ઉપર જણાવ્યા મુજબ **ભર્તૃહરિનો** સમય ચોથી શતાબ્દી આસપાસ સિદ્ધ થતો હોવાથી ભગવાન **મલ્લવાદીએ** બૌદ્ધો ઉપર વિજય મેળવ્યાનો જે વિક્રમ સં. ૪૧૪ નો સમય **પ્રભાવકચરિત્રકારે** જણાવ્યો છે તેમાં **ભર્તૃહરિના** સમયથી કોઇ પણ પ્રકારની બાધા આવતી નથી.

વિદ્વાનો આ સંબંધમાં જે કોઇ વિશેષ પ્રકાશ પાડશે તો ઘણા આદરપૂર્વક હું તેને વધાવી લઇશ.

બીજા પણ અનેક ગ્રંથોનાં વાકયોની **નયચક્રમાં** સમાલોચના કરવામાં આવેલી છે પરંતુ તે ગ્રંથો ઘણા પ્રાચીન હોવાથી આ શ્રી **મલ્લવાદીના** સં. ૪૧૪ ના સમયમાં તેનાથી કોઇ વિરોધ આવતો નથી. દાર્શનિક અને ઐતિહાસિક દૃષ્ટિએ **નયચક્રમાં** ઘણી મહત્ત્વની સામગ્રી ભરેલી છે. **નયચક્રમાં** એવી કેટલીયે ચર્ચાઓ છે કે જે ભાગ્યે જ અન્યત્ર જોવા મળે છે. **નયચક્રમાં** એવા અનેક ગ્રંથોનાં નામો તથા વાકયો જોવામાં આવે છે કે જેનું ભારતીય ઇતિહાસમાં નામ–નિશાન પણ રહ્યું નથી. આપણને નયચક્રમાં સર્વપ્રથમ જ તે સંબંધી જાણવા મળે છે. આચાર્ય શ્રી. **મલ્લવાદી** ક્ષમાશ્રમણનો આ મહાન્ **नयचक्र** નામનો દાર્શનિક ગ્રંથ **સિંહસૂરિવાદિગણિ** ક્ષમાશ્રમણવિરચિત **ન્યાયાગમાનુસારિણી** નામની અતિવિસ્તૃત ટીકા સાથે **ભાવનગરની** શ્રી **જૈનઆત્માનંદસભા** તરફથી થોડા વખતમાં પ્રગટ થવાનો છે.

सं. २००७
आश्विन कृष्ण नवमी
मु **मालेगांव** (जिल्ला-नाशिक)

मुनिराजश्री भुवनविजयान्तेवासी
मुनि जम्बूविजय

# આ સભાની કાર્યવાહી માટે અભિપ્રાય.

**તા. ૪–૨–૧૯૫૨**

**આ સભાના હાલમાં થયેલ માનવંતા પેટ્રન પુણ્યપ્રભાવક, શેઠ ચીમનલાલ-ભાઈ મગનલાલે સભા માટે આપેલો પ્રશંસાપાત્ર અભિપ્રાય.**

શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગરના સેક્રેટરી સાહેબ **માનવંતા ગાંધી વલ્લભદાસભાઈ.**

**લી.** સેવક **ચીમનલાલ મગનલાલના** પ્રણામ. તમારો કાગળ મળ્યો. ઘણા દિવસથી મેમ્બર થવા ઇચ્છા હતી તે પૂરી થઇ છે. રૂા. ૫૦૧) શેઠજી ફતેચંદ ઝવેરભાઇને ત્યાં ભરાવ્યા છે ને રૂા. ૧૦૧) શ્રી ભુવનવિજયજી જૈન પાઠશાળાના લાઇફ મેમ્બર તરીકે તેમના તરફથી ભરાવ્યા છે. ઇચ્છા હતી તે મહારાજ સાહેબ ભુવનવિજયજી અત્રે સેન્ડહર્સ્ટ રોડના ઉપાશ્રયે ચોમાસું બિરાજેલા છે, તેમની સભાની જ્ઞાનભક્તિ માટે અનુમોદના મળી. તમારો કાગળ મળ્યો ને કુદરતી તમારા પ્રત્યે લાગણી થઇ કે આવા નિસ્વાર્થી કામ કરનાર આપણી જૈનોની જેટલી સંસ્થા છે તેમાં હોય, તો આપણી જૈનોની સંસ્થાઓ કેટલી આગળ વધે તેવી લાગણી થઇ. તમારો રિપોર્ટ બીજે દિવસે મળ્યો, તે વાંચીને તો તમારા પ્રત્યે મસ્તક નમી પડયું. **મારા તમને આશીર્વાદ છે કે તમો જીવો ત્યાં સુધી આવા નિઃસ્વાર્થી કાર્યો** કરો. બીજું જે પાઠશાળાના રૂપીયા **૧૦૧**) ભરાવ્યા છે તેમાં તમારા તરફથી જેટલા બની શકે તેટલાં પુસ્તકો મોકલી આપવા મહેરબાની કરશો. ફોટો તેમજ જીવનવૃતાંત સભા તરફથી માંગવામાં આવ્યું પરંતુ તેમાં આપણે શું આપી દીધું છે કે આપણી જાહેર ખબર કરવી.

એજ. લી. સેવક
**શાહ ચીમનલાલ મગનલાલ**
જરમન સીલ્વરવાળા **મુંબઇ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સિદ્ધસેન દિવાકરની કૃતિઓ

## અને એના

## અભ્યાસ માટેનાં સાધનો

( લેખકઃ—પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ. )

( ૧ )

**સિદ્ધસેન** નામના જે અનેક મુનિવરો થઈ ગયા છે તે સૌમાં **સિદ્ધસેન** દિવાકર પ્રાચીનમાં પ્રાચીન છે એમ અત્યારે તો મનાય છે. એમની જીવનરેખા પાંચ પ્રાચીન પ્રબંધોને આધારે **સન્મતિપ્રકરણ**ની પ્રસ્તાવના( પૃ. ૪૪–૬૦ )માં આલેખાઈ છે. એઓ **જિનદાસગણિ** મહત્તર કરતાં દોઢસો એક વર્ષ જેટલા તો પ્રાચીન છે જ. એટલે એ હિસાબે આ પ્રતિભામૂર્તિની રચનાઓ લગભગ પંદરસો વર્ષ જેટલી તો પ્રાચીન ગણાય જ. આ રચનાઓ સામાન્ય કોટિની નથી એટલે એના અભ્યાસ માટે વિશિષ્ટ સાધનોની અપેક્ષા રહે છે. એ સાધનો વિષે હું નિર્દેશ કરું તે પૂર્વે એમની મનાતી કૃતિઓની હું નોંધ લઉં છું:—

( ૧ ) **સમ્મઇપયરણ**

( ૨ ) **ન્યાયાવતાર**

( ૩ ) **દ્વાત્રિંશદ્‌–દ્વાત્રિંશિકા**ઓનાં ઉપલબ્ધ ૨૧ દ્વાત્રિંશિકાઓ.

( ૪ ) **કલ્યાણમંદિરસ્તોત્ર**

( ૫ ) **શક્રસ્તવ**

( ૨ )

**હરિભદ્રસૂરિએ પંચવત્થુગ**ની ગા. ૧૦૪૭માં **સિદ્ધસેન**ને [1]'શ્રુતકેવલી' કહી એની પછીની ગાથામાં એમની કૃતિનો **સમ્મઇ** તરીકે ઉલ્લેખ કર્યો છે. **નિસીહ**( ઉ. ૧ )ની ચુણ્ણિમાં **જિનદાસગણિ**એ 'દર્શનજ્ઞાનપ્રભાવક' ગ્રંથો ગણાવતાં **સિદ્ધિવિણિચ્છય**ની સાથે આ કૃતિનો **સંમતિ** એ નામથી નિર્દેશ કર્યો છે, અન્યત્ર **સંમદિ** નામ રજૂ કર્યું છે. વિશેષમાં એમણે કહ્યું છે કે–આ કૃતિનો અર્થ ગ્રહણ કરનારને હાથે યતનાપૂર્વક અકલ્પિત વસ્તુનું સેવન થાય તો પણ એ પ્રાયશ્ચિત્તના ભાગી નથી. વળી આના જેવા 'દર્શનજ્ઞાનપ્રભાવક' શાસ્ત્ર ભણવા માટે જે ક્ષેત્રમાં વિરોધી રાજ્ય હોય તો ત્યાં જવાની છૂટ અપાઈ છે કે જેથી સૂત્રનો વિચ્છેદ ન થાય. આ પ્રકારની મહત્ત્વપૂર્ણ કૃતિને કેટલાક **સંમતિમહાતર્ક** પણ કહે છે. એની વિસ્તૃત ટીકા સહિત કરાયેલા સંપાદનમાં એના સંપાદકોએ એને **સન્મતિતર્ક** એ નામે ન ઓળખાવતાં **સન્મતિપ્રકરણ** કહેલ છે. આ જઇણમરહટ્ઠીમાં ૧૬૬ પદ્યમાં ત્રણ કાંડમાં રચાયેલી કૃતિ છે. પહેલા કાંડમાં નયો અને સપ્તભંગીનું નિરૂપણ છે; બીજામાં જ્ઞાન યાને પ્રમાણ કિંવા ઉપયોગ વિષે આલેખન છે; અને ત્રીજામાં ગુણાર્થિક નય માનવો કે કેમ? શ્રદ્ધા અને તર્કની સીમા ક્યાં સુધી છે? ખરી મોટાઈ શેમાં છે? શાસનભક્તિ તે શેનું નામ? ઇત્યાદિ વિષયો નીડરપણે રજૂ કરાયા છે. અનેકાંતવાદનું વૈજ્ઞાનિક પદ્ધતિએ પૃથક્કરણ કરી આ વિષયની પૂરતી છણાવટ કરનારા ગ્રંથોમાં આ આદ્ય અને અગ્રગણ્ય સ્થાન ભોગવે છે.

'વાદિમુખ્ય' **મલ્લવાદી**એ **સમ્મઇપયરણ** ઉપર સંસ્કૃતમાં ટીકા રચી હતી એમ **હરિભદ્રસૂરિ**કૃત **અનેકાન્તજયપતાકા**ની સ્વોપજ્ઞ વ્યાખ્યા ( ખંડ

[1] **તત્ત્વાર્થસૂત્ર**ના કર્તા **ઉમાસ્વાતિ**ને મૈસુરના **નગર** તાલુકાના એક શિલાલેખમાં 'શ્રુતકેવલિદેશીય' કહ્યા છે. **શાકટાયન**ને માટે પણ આ વિશેષણ વપરાયું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧, પૃ. ૫૮ ને ૧૧૬ ) જોતાં જણાય છે.[1] **બૃહટ્ટિપ્પણિકા**માં આ ટીકાનું પરિમાણ ૭૦૦ શ્લોકનું નોંધાયું છે. આ ટીકાની હાથપોથી હજી સુધી તો કોઇ સ્થળેથી મળી આવી નથી એટલે વિશેષ તપાસ થવી ઘટે. એમ લાગે છે કે–યશોવિજય ગણિએ તો આ ટીકા જોઇ હતી. એ જો લુપ્ત થઇ હોય તો **સમ્મઇપયરણ**ના અભ્યાસ માટેનું એક ઉત્તમ સાધન આપણે ગુમાવ્યું છે એમ કહેવાય.

**પ્રદ્યુમ્નસૂરિ**ના શિષ્ય 'તર્કપંચાનન' **અભયદેવસૂરિ**એ ૨૫૦૦૦ શ્લોક જેવડી અને પોતાના સમય સુધીની વિવિધ દાર્શનિક ચર્ચાઓને રજૂ કરનારી **તત્ત્વબોધવિધાયિની** એ નામની અને **વાદમહાર્ણવ** તરીકે પ્રખ્યાતિ પામેલી વિવૃત્તિ રચી છે. આનું અંશતઃ પ્રકાશન **વીરસંવત્** ૨૪૩૬ માં "યશોવિજય જૈન ગ્રંથમાળા" તરફથી થયું હતું. એ અપૂર્ણ કાર્યને "પુરાતત્ત્વમંદિર" તરફથી પૂર્ણ કરાયું છે.[2] એનું સુંદર સંપાદન તેર પરિશિષ્ટોપૂર્વક પં. સુખલાલ અને પં. બેચરદાસને હાથે થયું છે. સંપાદનના પ્રમાણમાં કાગળ સારા વપરાયા નથી એ વાત ખટકે છે. આ મહાકાય વિવૃતિની પ્રશસ્તિમાં અભયદેવસૂરિએ કહ્યું છે કે "આ રીતે ( સંમતિ–પ્રકરણનાં ) કેટલાંક સૂત્રોની વ્યાખ્યાવડે જે પુષ્કળ પુણ્ય મેં ઉપાર્જન કર્યું છે, તેનાવડે ભવ્યજીવોનો સંસારનો ભય દૂર થઇ તેઓ જ્ઞાનગર્ભિત, નિર્મળ અને આનંદપૂર્ણ એવા અભયદેવ અર્થાત્ મોક્ષને પામો.' આમ જો કે અહીં 'કેટલાંક સૂત્રો' એમ કહ્યું છે એથી એમણે વ્યાખ્યા કરતી વેળા એક પદ્યને કે એના મુખ્ય અંશને છોડી દીધેલ નથી.

૧ યશોવિજય ગણિએ **અષ્ટસહસ્રી**ની ટીકામાં મલ્લવાદીનો **સમ્મઇપયરણ**ના ટીકાકાર તરીકે ઉલ્લેખ કર્યો છે. વિશેષમાં મલ્લવાદીએ આ ટીકામાં કોટિશઃ ભંગો દર્શાવ્યા છે એમ પણ એમણે કહ્યું છે.

૨ જુઓ મારું પુસ્તક નામે પાઇય ( પ્રાકૃત) ભાષાઓ અને સાહિત્ય.

હરિભદ્રસૂરિએ **શાંતરક્ષિત**નો ઉલ્લેખ કર્યો છે.[1] આ **શાંતરક્ષિત** બૌદ્ધ ગ્રંથકાર છે. એમણે **તત્ત્વસંગ્રહ** રચ્યો છે. આમાં "સ્યાદ્વાદ–પરીક્ષા" ( કારિકા ૧૨૬૨–૪૦ ) અને "બહિરર્થપરીક્ષા" ( કારિકા ૧૯૮૦ ? ૪૦ )માં સુમતિનું ખંડન કર્યું છે. આ દિગંબર **સુમતિ**એ **સમ્મઇપયરણ** ઉપર ટીકા રચી છે. આ વાત વાદિરાજસૂરિકૃત **પાર્શ્વનાથચરિત્ર**ના પ્રારંભ પરથી અને શ્રવણ બેલ્ગોલાની **મલ્લિષેણ–પ્રશસ્તિ** ઉપરથી જાણી શકાય છે. આ સુમતિનું બીજું નામ **સન્મતિ** પણ છે.[2] એમણે રચેલી ટીકાની કોઇ હાથપોથી મળતી હોય એમ જણાતું નથી. **જિનરત્નકોશ**( વિભાગ ૧ )માં તો એકની નોંધ નથી. બાકી ઉપર્યુક્ત **પાર્શ્વનાથ ચરિત્ર**નો ઉલ્લેખ છે. અને એ માટે "અનેકાંત"–( વ. ૨ )ના પૃ. ૫૭૧ ગત ટિપ્પણ જોવાની ભલામણ છે. શું આ ટીકા પણ આપણે ગુમાવી છે ? આની ખાતરી કરવા માટે દિગંબરોના ભંડારો તપાસવા ઘટે.

ઉપર્યુક્ત **જિનરત્નકોશ**માં **સમ્મઇપયરણ** ઉપર એક અજ્ઞાતકર્તૃક ટીકાની પણ નોંધ છે. એની હાથપોથીઓ મળે છે તો એ તપાસી જઇ આ ટીકા છપાવવા જેવી છે કે કેમ ? તેનો નિર્ણય થવો ઘટે. એ ઉપયોગી જણાય તો એ વેળાસર પ્રકાશિત થવી જોઇએ.

**સમ્મઇપયરણ**નાં મૂળ પદ્યો ગુજરાતી અર્થ અને ભાવોદ્ઘાટન તેમજ વિશિષ્ટ પ્રસ્તાવના સહિત "સન્મતિપ્રકરણ" એ નામથી "પૂંજાભાઇ જૈન ગ્રંથમાલા કાર્યાલય" તરફથી ઇ. સ. ૧૯૩૨ માં છપાયાં છે. આ **સમ્મઇપયરણ** અભ્યાસ માટે ઉપયોગી સાધન છે. જો આમાં મૂળની

૧ જુઓ અ૦ જ૦ પ૦( ખંડ ૨ )નો મારો અંગ્રેજી ઉપોદ્ઘાત( પૃ. ૯૬ ).

૨ જુઓ **સન્મતિપ્રકરણ**ની પ્રસ્તાવના ( પૃ. ૩૯, ટિ૦ ).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રીમદ્ દેવચંદ્રજીકૃત વીશ વિહરમાન સ્તવન મધ્યે

# *ત્રયોદશમ ચંદ્રબાહુ જિન સ્તવન.

## સ્પષ્ટાર્થ સાથે.

( સં. ડાક્ટર વલભદાસ નેણસીભાઇ–મોરબી. )

**ચંદ્રબાહુ જિન સેવના, ભવનાશિની તેહ;**
**પરપરિણતિના પાસને, નિષ્કાસન રેહ. ચંદ્ર. ૧**

**સ્પષ્ટાર્થ**–અજ્ઞાનાદિ અઢાર દૂષણ રહિત તથા અનંત ચતુષ્ટય સહિત, તથા શુદ્ધ નયે આત્મધર્મનો ઉપદેશ આપી ભવ્યસમૂહને મોક્ષમાર્ગે દોરનાર, વિદેહ ક્ષેત્રમાં વિહરમાન શ્રી ચંદ્રબાહુ જિનેશ્વરની શુદ્ધ ભાવે આ લોક પરલોક સંબંધી વિષયભોગની આકાંક્ષા રહિત શુદ્ધાત્મ ભાવ પ્રગટ કરવાના હેતુરૂપ કરેલી સેવા, સૂર્ય જેમ અંધકારનો શીઘ્રમેવ નાશ કરે છે તેમ લીલા માત્રમાં ભવભ્રમણનો નાશ કરનાર છે તથા " પરપરિણતિના પાસને નિષ્કાસન રેહ " જેમ હરણ શબ્દના વિષયમાં મોહિત થઈ વિવિધ પ્રકારના વાજીંત્રના મધુર કોમલ સ્વરના રાગવશે પારધીએ નાંખેલી જાલમાં આવી ફસે છે, પોતાની સ્વતંત્રતાને ગુમાવી પરાધીન થઇ જીવ જોખમમાં આવી પડે છે તેમજ સંસારી પ્રાણીઓ શબ્દાદિક વિષયના રાગવશે મોહ પલ્લીપતિએ પાથરેલી અતિશય વિસ્તીર્ણ અને દ્રઢ કર્મની જાલમાં આવી ફસે છે. પોતાના સહજ સ્વતંત્ર અવ્યાબાધ આત્મભોગને ગુમાવી બેસે છે, પરાધીન–દીન થાય છે, પોતાના શુદ્ધ જ્ઞાનાદિક પ્રાણના જોખમમાં આવી પડે છે, કષાયાગ્નિમાં પચ્યમાન થાય છે, બળતા રહે છે, એવા પરપરિણતિના રાગરૂપ બંધનને છેદવા માટે ચંદ્રબાહુ જિનેશ્વરની સેવના તીક્ષ્ણ ધારા સમાન છે, તેથી મુક્ત કરવા

---

છાયા અપાઇ હોત તો અનભિજ્ઞ પરંતુ સંસ્કૃતના જાણકારને એ વધારે રોચક થઇ પડત. આ ગુજરાતી આવૃત્તિનો અંગ્રેજીમાં અનુવાદ " જૈન શ્વેતાંબર એજ્યુકેશન બૉર્ડ " તરફથી ઇ. સ. ૧૯૩૯ માં છપાયો છે. એમાં **મૂલાચાર**માં **સમ્મઇ–પયરણ**ની ગાથાઓ છે એ બાબત ઉમેરાઇ છે. આ અંગ્રેજી લખાણ પણ **સમ્મઇ–પયરણ**ના અભ્યાસ માટે મહત્ત્વનું સાધન છે અને જે ગુજરાતી અને અંગ્રેજી બંને ભાષા જાણે છે તેને તો એ વિશેષતઃ લાભદાયી છે. આજે " હિંદી " ભાષાના વિકાસ અને પ્રચાર માટે પ્રયાસ થાય છે અને જ્યારે આપણા દેશમાં 'હિંદી' ભાષામાં વિકાસ અને પ્રચાર માટે પ્રયાસ જાણનારની સંખ્યા ગુજરાતી જાણનારની અપેક્ષાએ ઘણી મોટી છે તો આ લખાણ હિંદીમાં પણ રજૂ થવું ઘટે જેથી દેશનો મોટો ભાગ એનો લાભ લઇ શકે.

" સન્મતિ તર્ક અને તેનું મહત્ત્વ " એ નામના પં. સુખલાલ અને બેચરદાસના લેખ વિષે **જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ**( પૃ. ૧૧૩ )માં નોંધ છે, આ લેખ જોવાનું મને યાદ નથી. એમાં પ્રો. લૉયમેનના નામે એવી સંભાવના રજૂ થઇ છે કે **સિદ્ધસેન** દિવાકરે **સમ્મઇ પયરણ** ઉપર સ્વોપજ્ઞ વિવરણ રચ્યું હોવું જોઇએ. આ કૃતિનું મહત્ત્વ વિચારતાં મને એવી કલ્પના સ્ફુરે છે કે–હરિભદ્રસૂરિએ કે પછી હેમચન્દ્રસૂરિએ કે છેવટે **યશોવિજય**ગણિએ પણ આના ઉપર કોઇ મનનીય વૃત્તિ રચી હોવી જોઇએ.

" **જૈન સાહિત્યસંશોધક** " (ખંડ ૧, અંક ૧)માં **જિનવિજયજી**નો " **સિદ્ધસેન ઓર સામંતભદ્ર** " નામનો લેખ હિંદીમાં છપાયો છે.

(ચાલુ)

---

* ૧ દશમાં શ્રી વિશાલજિન સ્તવન પુ૦ ૪૭ પૃષ્ઠ ૧૦૭, ૨ અગિયારમા શ્રી વજ્રંધર જિન સ્તવન પુ૦ ૪૬, પૃષ્ઠ ૨૩૮, ૩ બારમા શ્રી ચંદ્રાનન જિન સ્તવન પુ૦ ૪૬, પૃષ્ઠ ૧૭૩ અંકોમાં છપાઇ ગયેલ છે જેથી આ અંકમાં તેરમા શ્રી ચંદ્રબાહુ જિન સ્તવન–સાર્થ આપવામાં આવેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અત્યંત સામર્થ્યવંત છે. (૧)

**પુદ્ગલ ભાવ આશંસના, ઉદ્‌ભાસન કેતુ,**
**સમ્યગ્‌દર્શન વાસના, ભાસન ચરણ સમેત.**
**ચંદ્ર૦ ૨**

**સ્પષ્ટાર્થ**:—અનાદિકાલથી કર્મજાલમાં ફસેલો, પરાધીન થએલો, આત્મભોગના જ્ઞાન તથા આસ્વાદનનો વિયોગી પુદ્‌ગલના રૂપ–રસ–ગંધ–સ્પર્શાદિ વિષય–ભોગમાં મગ્ન થયેલો, સંસારી જીવ નિરંતર પુદ્‌ગલ વિષયોની આશંસના–તૃષ્ણાને વશ વર્તે છે; તે તૃષ્ણાને છેદવાને ચંદ્રબાહુ પ્રભુની સેવા કેતુ સમાન છે તથા સ૦ દર્શન, સ૦ જ્ઞાન, સ૦ ચારિત્રરૂપ આત્મસ્વભાવમાં વાસ કરાવવાવાલી છે, આત્મગુણની સુવાસમાં સંતુષ્ટ કરનાર છે. (૨)

**ત્રિકરણ યોગ પ્રશંસના, ગુણ સ્તવના રંગ;**
**વંદન-પૂજન ભાવના, નિજ પાવના અંગ.ચંદ્ર.૩**

**સ્પષ્ટાર્થ**:–મન, વચન અને કાયા એ ત્રિયોગની શુદ્ધિએ દેવાધિદેવ શ્રી તીર્થંકર ભગવંતનો યશવાદ બોલવો, તેમના જ્ઞાનાદિક પવિત્ર ગુણની સ્તવના કરવી, ગુણાનુરાગ કરવો, વંદન, પૂજન વિગેરે કરવું, તેમના જ્ઞાનાદિ શુદ્ધભાવ અનુગત આપણો આત્મ-પરિણામ કરવો, તે સર્વ આપણા આત્માને જ્ઞાના-વરણાદિ પાપથી મુક્ત, પવિત્ર કરવાનાં બધા શુદ્ધાત્મ-પદપ્રાપ્તિના અંગ છે. ૩.

**પરમાતમ પદ કામના, કામનાશન તેહ;**
**સત્તા ધર્મ પ્રકાશના, કરવા ગુણ ગેહ. ચંદ્ર. ૪**

**સ્પષ્ટાર્થ**:—કેવળજ્ઞાન, કેવલદર્શનાદિ અનંત ગુણપિંડ આપણા શુદ્ધાત્મ પદની કામના, તે સાધવાની રૂચિ, તે પુદ્‌ગલાદિ અન્ય દ્રવ્યની કામના તૃષ્ણાને નાશ કરવાનો હેતુ છે, કારણ કે આપણો આત્મા જ પરમાત્મ પદનું ઉપાદાન છે; તે જ પરમાત્મભાવે પરિણમનાર છે માટે પરમાત્મ પદ ક્ષેત્રાંતરે નથી અને ક્ષેત્રાંતરે રહેલી વસ્તુની કામના જ દુઃખદાયી છે; માટે પરમાત્મપદની કામના થવાથી અન્ય સર્વ કામનાનો ઉચ્છેદ થાય છે. તે પરમાત્મપદની કામનાના હેતુ શ્રી જિનેશ્વર ભગવંત છે તેથી તેમની સેવા સત્તામાં રહેલી જ્ઞાનાદિ અનંત લક્ષ્મીને પ્રગટ દૃષ્ટિ-ગોચર કરવાને તથા આપણા આત્માને ગુણનિધાન પૂજ્ય પદ આપવાને પુષ્ટ હેતુ છે. ૪.

**પરમેશ્વર આલંબના, રાચ્યા જેહ જીવ;**
**નિર્મલ સાધ્યની સાધના, સાધે તેહ સદીવ.ચંદ્ર.૫**

**સ્પષ્ટાર્થ**:—જગત્ચૂડામણિ તરણતારણ પરમેશ્વરનો આશ્રય જે ભવ્યજીવોએ રૂચિ બહુમાનપૂર્વક ગ્રહણ કર્યો છે તે જ પુરુષો નિરંતર પોતાના શુદ્ધ સાધ્યને સાધવાવાળા છે. પરમાત્મપદ જેમાં પ્રગટપણે છે એવા તીર્થંકર ભગવંત પરમાત્મપદ સાધવાના પુષ્ટ હેતુ થઇ શકે પણ અન્ય કુદેવાદિક જે પોતે અશુદ્ધ આત્મભાવમાં વર્તે છે તે મોક્ષના હેતુ કેમ બની શકે ? ૫.

**પરમાનંદ ઉપાયવા, પ્રભુ પુષ્ટ ઉપાય;**
**તુજ સમ તારક સેવતાં, પર સેવન જાય. ચંદ્ર.૬**

**સ્પષ્ટાર્થ**:—તે કારણ માટે હે ચંદ્રબાહુ પ્રભુ! પરમાનંદપદ–મોક્ષપદ પ્રાપ્ત કરવામાં આપ જ પુષ્ટ ઉપાય છો. "પુષ્ટહેતુ જિનેંદ્રોડં મોક્ષસદ્ભાવ-સાધને" હે પ્રભુ! આપ જેવા પૂજ્ય પુરુષની સેવા કરતાં અન્ય જીવ તથા પુદ્‌ગલની આશા તૃષ્ણા તથા સેવા મટી જાય–કરવી ન પડે. ૬.

**શુદ્ધાતમ સંપત્તિ તણા, તુમ્હે કારણ સાર;**
**દેવચંદ્ર અરિહંતની, સેવા સુખકાર. ચંદ્ર૦ ૭**

**સ્પષ્ટાર્થ**:—અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંત-ચારિત્ર, અનંતસુખ તથા અનંતવીર્યરૂપ પરમ પવિત્ર, અવિનશ્વર અને સ્વાધીન અખૂટ લક્ષ્મી પ્રગટ–પ્રાપ્ત કરવાના, હે ભગવંત! આપ જ સાચા કારણ છો; કારણ કે તે કેવલજ્ઞાનાદિ લક્ષ્મીને આપ સંપૂર્ણ પ્રગટ સ્વાધીન કરી નિરંતર ભોગવો છો. તજ્જન્ય પરમાનંદમાં મગ્ન છો. એવું આપનું સ્વરૂપ દૃષ્ટિ-ગોચર થતાં મને પણ એવું ભાન થયું કે એ અનુપમ વિભૂતિના ઇશ્વર મારી સ્વજાતિ છે, તેથી હું પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# "માનવ દેહ"

દેવ દુર્લભ મળ્યો, માનવી દેહ આ,
વિષયની વાટમાં, કેમ ગાળે;
અર્ક ગુલાબનો ખૂબ મોંઘો મળ્યો,
ઢોળતો કાં અરે કીચ ખાળે.
રત્ન ચિંતામણિ, હાર હાથે ચડ્યો,
કામ બદલે, અરે કાં ગુમાવે;
આંખ ઊઘાડીને નિરખ તું માનવી,
પ્રાપ્ત અવસર ફરી હાથ નાવે.

ઘણાં પુણ્યોનાં ફળના કારણે માનવ જન્મ મળ્યો છે, પ્રથમ જ્ઞાની થઇ સર્વ પ્રકારનાં પાશવ બંધનોમાંથી મુક્ત થવું જોઇએ, માનવી સાથે પશુ ધર્મના કેટલીક સમતા છે. તેથી અતીત થવું એટલે મુક્તિ-તત્વનું જ્ઞાન પામવા માટે માનવ જન્મ ખૂબ મહાન તક છે. તે વિના પશુ પાશથી છૂટવાનો બીજો કોઇ ઊપાય નથી.

મોક્ષના સોપાન સમાન દુર્લભ માનવ જન્મ પામ્યા છતાં જે પોતાને તારી શકતો નથી, તેનાથી વધુ પાપી કોણ હોઇ શકે? ઠેઠ પહોંચ્યા છતાં જેઓ તે પાર કરવાનો અવસર ચૂકી જાય છે. તેમના જેવા અધન્ય બીજા કોણ હોય?

આવો ઉતમ જન્મ મળ્યો અને તેમાંય વળી ઇંદ્રિય-સૌષ્ઠવ અને છતાંય જે આત્માનું હીત નથી જાણતો, તે બ્રહ્મનો ઘાતક બને છે. આત્માનું કલ્યાણ સાધનારે શરીર તરફ ઉદાસીન રહી ન પાલવે, કારણ કે, દેહ વિના કોઇ પણ પુરૂષાર્થ થઇ શકતો નથી, દેહરૂપી ધનનું રક્ષણ આવશ્યક છે. પુન્ય કર્મોની સાધના દેહ વડે જ થઇ શકે તેમ છે; પરંતુ અહી સ્મરણ રાખવું કે સાધ્ય આત્મ રક્ષા છે. આત્મતત્વના જ્ઞાનમાં બાધક ન થાય, એ રીતે દેહ રક્ષણ થવું જોઇએ, નહિ તો વિપરીત થાય.

બધું જ ફરીથી મળી શકે-જર, જમીન, ઘરબાર, ગામ, શુભાશુભ કર્મ ઇત્યાદિ; પરંતુ માનવ જીવન વારંવાર મળતું નથી.

આચાર વિચાર ભલે હોય, પણ મૂળ તત્વના જ્ઞાનને અભાવે નહિ; કારણ કે એમ થવાથી અનુચિત વિધિ નિષેધોનો ઢગ ખડકાય છે. જેમ રાફડા ઉપર લાકડાઓ ફટકારીએ, તેથી કાંઇ અંદરના સર્પને કશી જ પીડા નથી થતી, તેમ અવિવેકી લોકો કેવળ દેહને દંડે, તેથી શી સિદ્ધિ મેળવી શકે? પાપ અંદર હોય અને દંડાય બિચારો દેહ! એ તો થઇ કાયરના કથની!

જીવંત સાધના વગરની બધી જ સાધના મૃત છે; પછી તે ભલેને ષડ્દર્શન હોય કે ઘણાં શાસ્ત્રોનું

---

આપ સમાન લક્ષ્મીનો સ્વામી થવાને સત્તાવંત છું, એમ ભાસન થતાં આપ સમાન પરમાત્મપદ સાધવાની મને રૂચિ થઇ તેથી આપ મારી સિદ્ધિના સાચા કારણ છો, તો આપના પરમાનંદમય સ્વરૂપનું મને દર્શન ન થયું હોત તો મને પરમાત્મપદ સાધવાની રૂચિ પણ થાત નહીં, અને રૂચિ થયા વિના કાર્ય-સાધનામાં ઉદ્યમ, પ્રવૃત્તિ થાય નહિ, અને સાધના વિના કાર્યસિદ્ધિ પણ થાય નહિ, માટે ન્યાય દૃષ્ટિએ જોતાં આપનું સિદ્ધપદ મારી સિદ્ધિનું કારણ પ્રતીત થાય છે. તથા તે પરમાત્મપદ સાધવાનો યથાર્થ માર્ગ બતાવનાર પણ આપ જ છો તેથી પણ આપ મારી સિદ્ધિના કારણ છો માટે સર્વે દેવોમાં ચંદ્રમા સમાન હે અરિહંત ભગવંત! આપની જ સેવા સર્વે કલેશથી મુક્ત કરી પરમાનંદ પરમ સુખની દાતાર છે. ૭.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અધ્યયન હોય, શબમાં મસાલા ભરી રાખી મૂકીએ અને તેને પૂજીએ તેથી શું વળે? આપણાં ઘણાં અનુષ્ઠાન આવાં જ હોય છે.

તેથી તો હે પ્રિયે, ષડ્દર્શનરૂપી મહાકુપમાં પડેલાં પશુઓ સમાં છીએ, જે જગ મળે છે, તેથી તરસ તો છીપતી નથી; ઊલટું જીવન પોતે જ સુકાઇ જાય છે. આવા તાર્કિક લોકો વિચાર્યા કરે છે, કે આગ્રાન કહેવાય, આગ્રેય કહેવાય, આમ પરમ તત્ત્વથી વિમુખ થયેલા તેઓ રાત-દિવસ પઠન પાઠન કર્યા જ કરે છે; એથી શું વળે ?

દેહ ભલે ને સુંદર હોય, પણ જો તેમાં પ્રાણ ન હોય તો તેને ભારોભાર અલંકારોથી શણગારવામાં આવે તોય તેથી શું ? છંદ ને અલંકારથી શોભતું પણ મૂળમાં રસથી વંચિત કાવ્ય શા કામનું ? જીવન નથી તો કાંઇ જ નથી, જીવન હશે તો બીજુ બધું આવી મળશે.

આવા માણસોને કડછી સાથે સરખાવી શકાય, જેમ કડછી દરેક રસોઇમાં ફરતી હોવા છતાં તે એકેયનો રસ પામતી નથી, તેમ પંડિતો સર્વ શાસ્ત્રોમાં ફર્યા છતાં પરમ તત્ત્વ જાણતા નથી.

બકરૂં પોતાની પાસે હોય છતાં કોઇ મૂઢ મતિ ગોવાળ કુવામાં તેનું પ્રતિબિંબ જોઇ વિચારે કે બકરૂં તો કુવામાં છે. તેમ પરમ તત્ત્વ પોતામાં જ રહ્યું હોવા છતાં મૂઢ લોકો શાસ્ત્રોમાં મુગ્ધ રહે છે, જેમ અંધની આગળ આરસી ધરવી નકામી છે, તેમ પ્રજ્ઞારૂપી આંખો ખૂલ્યા વગર શાસ્ત્રોનું દર્શન ફોગટ છે. મોટામાં મોટી વાત છે. " આત્મસાક્ષાત્કારની "

સંગ્રાહીતઃ—કમળા સુતરિયા એમ. એ. બી. ટી.

---

## હાલમાં આ સભા તરફથી શ્રી તીર્થંકર ચરિત્ર ( સચિત્ર ) કથા સાહિત્યના પ્રકટ થયેલ ગ્રંથ સંબંધી મળેલ અભિપ્રાય.

પાલીતાણા નરશી કેશવજી ધર્મશાળા મહા વદિ ૩ તા. ૧૪–૨–૫૨ ગુરુવાર.

### પં. શ્રી કનકવિજયજી ગણિવર તરફથી

તત્ર શ્રી જૈન આત્માનંદ સભા માનદ વ્યવસ્થાપક સાહિત્યપ્રેમી ભાઇ **વલ્લભદાસ ગાંધી** આદિ યોગ્ય ધર્મલાભ. તમારા તરફથી શ્રી તીર્થંકર ચરિત્ર પુસ્તક મળ્યું. પ્રસ્તુત પ્રકાશન ખૂબ જ સુંદર તથા કલાત્મક દ્રષ્ટિયે અનુપમ બન્યું છે. સભા તરફથી જે જે પ્રકાશનો હમણાં છેલ્લા લગભગ ૧૫ વર્ષથી પ્રસિદ્ધ થાય છે, તે દરેક દ્રષ્ટિએ અત્યુત્તમ રીતે સંપાદિત થઇને પ્રગટ થાય છે. જૈન સમાજમાં આ રીતે સાહિત્ય પ્રકાશનની પાછળ દરેક રીતે પરિશ્રમ, આપભોગ તથા વ્યવસ્થિત સંકલના આ બધામાં સભાની પ્રવૃત્તિઓ મોખરે રહે છે. આ રીતે ઉત્તરોત્તર પ્રકાશન પ્રવૃત્તિઓ વિશેષ સુંદર રીતે કરતા રહો અને જૈન સમાજમાં ઘેર ઘેર જગતભરમાં જૈન સાહિત્યને પહોંચતું કરો એ શુભ અભિલાષા. ———

લી.
**મુનિ જંબુવિજયજી**
તરફથી

જૈન મંદીર
માલેગામ ( નાસીક )
મહા વદી ૧૪

શ્રી જૈન આત્માનંદ સભા યોગ્ય ધર્મલાભ તમારા તરફથી પ્રસિદ્ધ થયેલું શ્રી તીર્થંકર ચરીત્ર મળ્યું તે ઘણું સુંદર બન્યું છે અને ચોવીશ તીર્થંકર દેવોના જીવન ચરિત્રને સંક્ષેપમાં જાણવાની ઇચ્છાવાળા જીવોને ઘણું ઉપયોગી છે તેમાં વળી શ્રી તીર્થંકર દેવોના વર્ણ પ્રમાણે ફોટાઓ તેમજ તેમનાં યક્ષ યક્ષીણીઓના જે ફોટાઓ આપેલા છે તે ઘણા સુંદર છે સાથે સાથે પ્રત્યેક જિનેશ્વરની નિર્વાણ ભુમિઓનાં જે રંગીન દશ્યો આપ્યાં છે તેથી ઘણું સુંદર કર્યું વળી પ્રત્યેક પાનાનાં કોલમમાં કલિકાલ સર્વજ્ઞશ્રી હેમચંદ્રાચાર્યજી મહારાજ કૃત વીતરાગ સ્તોત્ર પૂ. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ કૃત પરમાત્મ જ્યોતિ પચ્ચીશી તથા પરમાત્મ પચ્ચીશી તેમજ પ્રવચન પ્રભાવક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આચાર્ય પ્રવર શ્રી સિદ્ધસેનદિવાકર કૃત વર્ધમાન દ્વાત્રિંશિકા આ સંસ્કૃત સ્તુતિ સ્તોત્રો ગુજરાતી અનુવાદ સાથે આપેલાં છે તે બહુ ઉપયોગી અને પ્રતિદિન સ્વાધ્યાય તથા ખાસ મનન કરવા યોગ્ય છે તમે બહુ ઉપયોગી સામગ્રીવાળો અને આકર્ષક ગ્રંથ તૈયાર કર્યો છે, તમારી સભાએ અત્યાર સુધીમાં અનેક ગ્રંથોનું પ્રકાશન કરીને સમ્યગ્જ્ઞાનની જે ઉપાસના કરી છે તેમાં આ ગ્રંથના પ્રકાશનથી ઉમેરો થાય છે.

### શ્રી તીર્થંકર ચરિત્ર સચિત્ર માટેનો આચાર્યદેવ શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજનો અભિપ્રાય

દેવગુરૂભક્તિકારક ધર્માનુરાગી સુશ્રાવકો શ્રી **વલ્લભદાસભાઈ** આદિ સભાસદો યોગ્ય, ધર્મલાભ સહ લખવાનું કે અત્રે સુખશાતા છે, તમારો પત્ર તથા રજીસ્ટર્ડ દ્વારા આવેલું શ્રી તીર્થંકર ચરિત્ર ભાષાંતર મળ્યું છે.

તમારા અન્ય પ્રકાશનોની જેમ આ પ્રકાશન પણ સુંદર થયું છે, શ્રી તીર્થંકર ભગવંતોનાં જીવનને સંક્ષેપમાં વાંચવા ઇચ્છનારા લોકોને આ પ્રકાશન સારૂં ઉપકારક થશે, ચરીત્ર ગ્રંથોના પ્રકાશનમાં સુઘડતા, સ્વચ્છતા, નયનાભિરામ પારાયણ અને સચિત્રતા આદીને લઇને તમારાં પ્રકાશનો ખરેખર સંગ્રાહ્ય બને છે, ચરિત્ર ગ્રંથોના પ્રકાશનમાં જેમ તમારી સભાએ સરસ કામ બજાવ્યું છે, તેમ હવે ધર્મ શ્રદ્ધા પોષક અને જૈન ધર્મનો વિસ્તૃત છતાં સરલ અને સુબોધ પરિચય કરવતાં વિશિષ્ટ સાહિત્યના નિર્માણ અને પ્રકાશન તરફ પણ યથાશક્તિ પરિશ્રમ કરવા તરફ લક્ષ આપવા સૂચના છે, પૂજ્ય ગુરૂદેવ સુસાહિત્યના પ્રચારનું અનુપમ બલ સભામાં મૂકે તેવી અભિલાષા.

એજ લી૦

**પૂ૦ આચાર્યદેવ શ્રીમદ્વિજય લબ્ધિસૂરીશ્વરજી**
મહારાજની આજ્ઞાથી
**ભાસ્કરવિજયના** ધર્મલાભ

# વર્તમાન સમાચાર

## વડોદરામાં પ્રવેશ.

યુગવીર આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ પોતાની શિષ્ય–પ્રશિષ્યાદિ મંડલી સહિત પોષ સુદ પુનમે વડોદરા–મામાની પોળ, કોઠી પોળ પધાર્યા હતા અને પ્રતિપદાએ નવા બજારમાં પધાર્યાના સમાચાર આવી ગયા છે. હવે પોષ વ. ૨ બીજે સંક્રાન્તી હોવાથી આજે વિશાલ મંડપ ચીકાર ભરાઇ ગયેલ હતો. આચાર્યશ્રીજીએ માંગલિક સ્તોત્ર સંભળાવી માઘ માસની સંક્રાન્તીનું નામ સંભળાવ્યું અને આ માસમાં આવતા કલ્યાણકાદિ જૈન પર્વોના નામ સંભળાવી સાધર્મિક બંધુઓના ઉદ્ધાર માટે સચ્ચોટ ઉપદેશ આપ્યો. શેઠ કેશરીમલ હીરાચંદ અને શેઠ મોતીલાલ વીરચંદે ૫૦૧–૫૦૧ રકમો નોંધાવી શેઠ આશકરણજીએ કોપરેટીવ જૈન બેંક સ્થાપી મદદ આપવાની સ્કીમ જાહેર કરી.

પંન્યાસ શ્રી સમુદ્રવિજયજીએ ભાષણ આપતાં જણાવ્યું કે–સાધર્મિક બંધુઓના ઉદ્ધાર માટે જેટલું થાય તેટલું ઓછું છે. મારા વિચારમાં એક સ્કીમ આવે છે તે આપશ્રી સંઘના સમક્ષ રજૂ કરું છું. એક એક માણસ પોતાના ખર્ચમાંથી બચાવી ફક્ત એક એક પૈસો સાધર્મિક બંધુઓના ઉદ્ધાર માટે કાઢે તો સહેજમાં કામ થાય અને કોઇને ભારે ન પડે. વડોદરા શહેરમાં જૈનોની લગભગ હજારથી બારસો ઘરોની અને ચાર પાંચ હજાર મનુષ્યોની વસ્તી છે. જો ધારે તો દરરોજના લગભગ ૬૦, ૭૦ રૂપિયા થઇ જાય. હિસાબ ગણો મહિનાના કેટલા ? બાર મહિનાના કેટલા થાય ? આ રીતે થાય તો સરલતાપૂર્વક કામ થાય અને કોઇને ભારે પણ ન પડે. પાંચમે છીપવાડના લોંકાગચ્છીય ભાઇઓની વિનંતીથી ધામધૂમપૂર્વક છીપવાડમાં પધાર્યા હતા. મંડપમાં આચાર્યશ્રીએ મનુષ્યજન્મરૂપ વૃક્ષના પ્રભુ-પૂજા આદિ ફળો ઉપર પ્રભાવશાળી વ્યાખ્યાન આપ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લગભગ ૧૨ા વાગે જયનાદોની સાથે સભાજનો વિદાય થયાં.

આચાર્યશ્રીજીના પ્રશિષ્ય આચાર્ય શ્રી વિજય-ઉમંગસૂરિજી મહારાજ, તથા પંન્યાસ ઉદયવિજયજી મુનિરાજ, શ્રી રવિવિજયજી મહારાજ અમદાવાદથી વિહાર કરી આચાર્યશ્રીજીને દર્શન વંદન કરવા પધાર્યા.

છઠ્ઠે ઘણી જ ધામધૂમપૂર્વક નવા બજારથી લહેરીપુરા દરવાજાથી પ્રવેશ કરી શ્રી આદીશ્વર પ્રભુના દર્શન કરી માંડવી રોડ, ઘડીયાળી પોળ, જાનીશેરીમાં નવો બંધાવેલ શ્રી આત્માનંદ જૈન ઉપાશ્રયમાં પધાર્યા.

લહેરીપુરાથી ઠેઠ માંડવી સુધી અને આખી ઘડીયાળી પોળ અને જાનીશેરી ધ્વજા-પતાકા-વાવટાઓથી શણગારવામાં આવેલ. સ્થાને સ્થાને આચાર્યશ્રીજીના શુભ નામના બોર્ડો લગાવેલાં હતા. પચીસ દરવાજાઓ ઊભા કરવામાં આવ્યા હતા. સ્થાને સ્થાને ગહુંલીઓ થતી અને અક્ષત સોના ચાંદીના પુષ્પો આદિથી આચાર્યશ્રીજીને વધાવતા હતા મોતીચંદ વીરચંદવાળા કાંતિલાલભાઈએ રૂપિયાનો દ્વારબોર્ડ બનાવેલ હતો. વૃદ્ધો એકી અવાજે બોલતા હતા કે-આવો પ્રવેશ મહોત્સવ અમોએ આજે જ જોયો છે. આચાર્યશ્રીજી ઉપાશ્રયે પધારતા મુનિરાજ શ્રી જનકવિજયજી અને પંન્યાસજી પૂર્ણાનંદવિજયજી મહારાજના પ્રસંગોચિત ભાષણો થયાં. સમય અધિક થઈ જવાથી આચાર્યશ્રીજીએ માંગલિક સંભળાવ્યું. જયનાદોની સાથે સભાજનો વિદાય થયા.

પ્રતિષ્ઠાઓના અંગે હાલ આચાર્યશ્રીજીની અહીં સ્થિરતા થશે.

તા. ૨૬-૧-૫૨ના દિવસે શ્રી આચાર્યશ્રી ધર્મ-પરિષદના તરફથી યોજાએલ શ્રી સર્વધર્મસંમેલનના કાર્યકર્તાઓની સાદર વિનંતીને સ્વીકારી પૂ. પા. આચાર્ય શ્રીમદ્ વિજયવલ્લભસૂરિજી મહારાજે ન્યાય મંદિરમાં જૈનધર્મ ઉપર મહત્ત્વપૂર્ણ-પ્રભાવશાલી વ્યાખ્યાન આપ્યું હતું, જેનો ઉપસ્થિત શ્રોતાજનો પર સારો પ્રભાવ પડ્યો હતો.

---

## વડોદરામાં ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવઃ—

વડોદરા શહેર કેલવણીપ્રિય અને ધર્મપ્રિય પ્રસિદ્ધ શહેર છે. હાલમાં બે ભવ્ય પ્રતિષ્ઠા અને અંજ-નશલાકા મહોત્સવ ઉજવાઈ ગયા.

ચાંપાનેર દરવાજા પાસે આવેલ મહેતા પોળમાં આવેલ શ્રી અરિષ્ટનેમિનાથજી ભગવાનનું પ્રાચીન મંદિર હતું તે જીર્ણ થતાં શ્રી સંઘે તેનો મૂળ પાયાથી જીર્ણોદ્ધાર કરાવવો નક્કી કર્યું, અને શિખરબંધી નવું મંદિર તૈયાર થતાં પૂજ્યપાદ અજ્ઞાનતિમિરતરણિ કલિકાલકલ્પતરૂ પંજાબકેસરી યુગવીર આચાર્ય શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ સાહેબની અધ્યક્ષતામાં શેઠ કેસરીમલજી હીરાચંદજી તથા શુકન-રાજજી હીરાચંદજીએ પોતાના તરફથી પોષ વદી ૧૧ થી દશ દિવસનો મહોત્સવ પ્રારંભ કર્યો હતો. અને કુંભસ્થાપન પૂજા, બારસથી નવગ્રહ, દશદિક્પાલ, અષ્ટમંગલ, અને પીઠિકાપૂજન, તેમજ નંદાવર્તપૂજન ધ્વજા, કળશાદિ પૂજન, ચૈત્ય પ્રતિષ્ઠાદિના સર્વે કાર્યો તેમજ દરરોજ આચાર્યશ્રીજી રચિત નવાણું અભિષેક આદિ વિવિધ પૂજાઓ સમારોહથી ભણાવવામાં આવતી. આચાર્યશ્રીજી વિજયઉમંગસૂરિજી મહારાજ વગેરે અહીંની મંડળી પૂજામાં ખૂબ રસ જમાવતી. પાંચમે રથયાત્રાનો વરઘોડો સમારોહપૂર્વક કાઢવામાં આવ્યો હતો, જે અનેરો આનંદ આપતો હતો.

મહા સુદિ ૬ ના દિવસે શુભ મુહૂર્તમાં ૧૧ વાગે વાજીંત્રોના નાદ સાથે શ્રી અરિષ્ટનેમિનાથ ભગવાન આદિની પ્રતિષ્ઠા આચાર્યશ્રીજીના પુનીત હસ્તે થઈ. મૂળનાયકજી શ્રી અરિષ્ટનેમિનાથ ભગવાનને બિરાજમાન કર્યા. બપોરે અષ્ટોતરી સ્નાત્ર ભણાવવામાં આવ્યું, અને જીવદયાની ટીપ પણ થઈ. દરરોજ પ્રભુજીને નીત નવી અંગરચનાઓ, ભાવના, પ્રભાવના આદિ કાર્યો કરવામાં આવતા હતા. આવેલા સાધર્મી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બંધુઓની ભક્તિનો લાભ શેઠ કેશરીમલજી હીરાચંદજી અને શુકનરાજજી હીરાચંદજીએ લીધો, અને પ્રતિષ્ઠા સંબંધી તમામ લાભ પણ એઓએ લીધો હતો.

સાતમે ચતુર્વિધ શ્રી સંઘ સહિત શેઠ કેશરીમલજી હીરાચંદજીએ મંદિર દ્વારોદ્‌ઘાટન કર્યું. સમયાનુસાર દેવદ્રવ્યાદિની ઉપજ પણ સારી થઇ.

## સ્વીકાર સમાલોચના

**શ્રીકર્મયોગ**—રચયિતા યોગનિષ્ઠ **પૂજ્ય શ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજી** મહારાજ. જેઓશ્રીએ વિવિધ સામાજિક, નૈતિક, ધાર્મિક, વ્યવહારિક, રાજકીય, આત્મિક, તાત્વિક વગેરે વિષયો ઉપર ગદ્ય-પદ્યમાં એકસો આઠ ગ્રંથરત્નો આપી સાહિત્યમાં વૃદ્ધિ કરી છે. આ **કર્મયોગ** ગ્રંથ ૩૮ વર્ષ પહેલાં પ્રકટ થયેલ હતો, જેની આ બીજી આવૃત્તિ છે. જેમાં મળેલાં વિદ્વાનોના અભિપ્રાયો પ્રમાણે અંદર આવેલા અનેક વિષયોવડે આ ગ્રંથ અમૂલ્ય ગણાયો હોવા છતાં આપણે જૈનસમાજ વ્યાપારી કોમ હોવાથી ૩૮ વર્ષ પછી તેની બીજી આવૃત્તિ પ્રગટ થાય તે કેટલી કદર કે કિંમત કરી કહેવાય? આજે કાળ-પરિવર્તન કેટલું કપરું બન્યું છે તે વખતે મનુષ્યે જીવન કેમ જીવવું? તે માટે ખરેખર આ ગ્રંથ જણાવી રહેલ છે. આચાર્ય મહારાજે ત્યાગ-સંયમ સ્વીકાર્યા પછી સંજમની આવશ્યક ક્રિયા કરવા ઉપરાંત તેઓશ્રીએ ભાષા અને શાસ્ત્રોનો ક્યારે અભ્યાસ કર્યો હશે, વચ્ચે યોગસાધનામાં કેટલો કિંમતી વખત લેવાયો હશે અને પ્રાપ્ત થયેલ જ્ઞાન અને પૂર્વના ક્ષયોપશમે કરી અસાધારણ જ્ઞાનના પરિપાકવડે જીવનમાં જનસમાજ ઉપયોગી ૧૦૮ વિવિધ વિષયોના ગ્રંથો ક્યારે લખ્યા તે ગ્રંથ-સમૃદ્ધિ જોતાં તેઓ એક મહાન વિભૂતિ આત્મા હતા તેમ કહેવું અસ્થાને નથી. કાળબળે જ્યારે સમાજ પોતાનું કર્તવ્ય ભૂલી પ્રમાદિ બની, પૂર્વજોના સંસ્કાર વડે અને તેને પગલે ચાલતા વિસ્મૃત થયો, અને ભાવિ અંધકારમય જમાનો આવશે એમ જ્ઞાન અને યોગબળવડે કરી આચાર્ય મહારાજને માલૂમ પડ્યું ત્યારે આ દીવાદાંડીરૂપ આ ગ્રંથ લખવાની શરૂઆત કરી હોય તેમ ગ્રંથ વાંચતાં જણાય છે. તેમાં આવેલા વિષયો અનુભવગમ્ય હોઇ વિવેચનો પણ સ્પષ્ટપણે આલેખ્યા છે. માનવ પ્રકૃતિ, દેશકાળ, ભાવને પણ બરાબર સમજી પૂર્ણ અભ્યાસ અને વિશાળ વાંચનવડે સંકલનાપૂર્વક સર્વ વિષયો આપેલાં છે. કેટલાક વિષયોનું અવલોકન કરતાં અન્ય ધર્મ ઉપરની સહિષ્ણુતા, ઔદાર્ય વગેરે ભાવના રચનાની શૈલીમાં દેખાય છે. તેથી જ પ્રસ્તાવનાના લેખકશ્રી જણાવે છે તેમ જૈનેતરોએ વિશેષ લાભ લીધો હોય તે પણ જાણવાજોગ છે.

ઉપર જણાવ્યું છે તેમ જન સમાજ ઉપયોગી ૭૧૧ વિષયો ઉપર વિદ્વત્તાપૂર્ણ રીતે આ ગ્રંથમાં સરલ વિવેચન કરેલું છે જેથી એક ઉચ્ચ કોટીના સાહિત્ય ગ્રંથની વૃદ્ધિ થઇ છે.

પ્રકાશક મંડલના ઉપપ્રમુખ ભાઈ **ફતેહચંદ ઝવેરભાઈ** એક સારા વ્યાપારી અને પિતાની હૈયાતિમાં લક્ષ્મી, વ્યાપાર અને જ્ઞાનનો વારસો મેળવ્યો હતો અને પાછળ પણ સ્વયં અને ગુરુગમદ્વારા અને વિશાળ વાંચનવડે સારા ધર્મના અભ્યાસી બન્યા છે. તેવા એક ધર્મપ્રેમી વિદ્વાન બંધુના હાથે લખાયેલ આમુખ પઠન કરવા જેવો હોઇ આ ગ્રંથની ઉપયોગિતામાં વધારો કરે છે.

સુંદર કાગળો, ગુજરાતી અક્ષરોમાં સચિત્ર મજબૂત બાઈંડીંગવડે અલંકૃત કરેલો આ ગ્રંથ સર્વેએ વસાવવા અને વાંચવા જેવો છે. કિંમત રૂા. ૧૫) પ્રકાશક શ્રી અધ્યાત્મ જ્ઞાનપ્રસારક મંડળ. હા. મણીલાલ મોહનલાલ પાદરાકર મુંબઇ, ચોપાટી સી. ફેસ.

**કુતર્કતિમિરતરણી ગ્રંથ**—શ્રી લબ્ધિસૂરીશ્વરજી ગ્રંથમાળાનો આ ૨૯ મો ગ્રંથ છે. **પૂજ્ય** આચાર્યદેવનું સં. ૧૯૬૫ માં પંજાબમાં આવાગમન થતાં દયાનંદજીના **સત્ય પ્રકાશ** કે જેમાં બાર સમુલ્લાસ છે, તેમાં પરમ પવિત્ર જૈનદર્શન ઉપર કેટલાઓ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કુતર્કો લખાયેલા છે જે વાંચતાં દ્વેષભાવ જણાયો, અને તે પૂજ્ય પુરૂષનું હૃદય ઉકળી આવ્યું, અને અન્ય મુનિરાજો અને સદ્‌ગૃહસ્થોએ કરેલા તેના ખંડનો અસ્તવ્યસ્તસ્થિતિમાં થયેલા જોઇ, અપૂર્ણ લાગવાથી સંપૂર્ણ રીતે કુતર્ક તિમિરતરણીના પરિપૂર્ણ ખંડનનો પૂજ્ય આચાર્યદેવ શ્રી **લબ્ધિસૂરીશ્વરજી** મહારાજે આ ગ્રંથ તૈયાર કરેલો છે.

**" શ્રી સીમંધર શોભાતરંગ "**—( સચિત્ર ) મૂળ ગ્રંથ શ્રી ગુણનિધાનસૂરિજીના શિષ્ય સેવકે બનાવેલો કલ્યાણ નામના શ્રાવકે ચિત્રો તૈયાર કરેલા કે જેનો રચનાકાળ સં૦ ૧૬૮૪ સત્તરમો સૈકો છે. ઘણા ભાગે પંદરમા સૈકાથી જૂની ગુજરાતી અને અપભ્રંશ ભાષાઓમાં જૈનાચાર્યો, કવિવરો, મુનિવરો અને વિદ્વાન ગૃહસ્થોએ ઘણા રાસાઓ રચી ગુજરાતી ભાષા–સાહિત્યને સમૃદ્ધ બનાવી જૈન સાહિત્યના વિવિધ અંગોની સુંદર રીતે રચના કરી છે જેમાંનો આ હસ્તલિખિત ગ્રંથ તે વખતની કળાની દ્રષ્ટિએ તેને અનુરૂપ ચિત્રો સહિતનો આ છે. ગુરૂદેવ આગમોદ્ધારક શ્રી **સાગરાનંદસૂરીશ્વરજી** મહારાજના પ્રોત્સાહનથી તેઓશ્રી વિદ્વાન્ પ્રશિષ્ય મુનિરાજ શ્રી **અભયસાગરજી** મહારાજે કેટલીક પ્રતોનો અને ગ્રંથોનો પરિચય લઇ સંપાદક તરીકે તેની સંકલના કરી છે. આ લઘુ ગ્રંથ હોવા છતાં તેમાં શ્રી સીમંધરસ્વામી ભગવાનનું જીવનચરિત્ર મૂળ કાવ્યરૂપે છે, તેમજ શ્રી કામગજેન્દ્રકુમાર કે જેણે પૂર્વ ભવે ભયંકર પાપો કરેલાં તે સીમંધરસ્વામીના ઉપદેશવડે સમ્યક્ત્વ પામી શ્રી મહાવીર પરમાત્મા પાસે ચારિત્ર લઇ કેવળજ્ઞાન પામી મોક્ષે ગયા તેનું રસપૂર્વક વર્ણન ગુજરાતી ભાષામાં સંપાદક મુનિરાજે તૈયાર કરેલ છે, જે જૈન કથા સાહિત્યમાં એક વૃદ્ધિ થઇ છે. કીંમત બે રૂપીયા. શ્રી જૈન શ્વે. સંઘની પેઢી ઇંદોર

# ખેદજનક નોંધ.

લીંચ. ભેંસાણાવાસી મુંબઇ સુતર બજારના પ્રતિષ્ઠિત વેપારી ધર્મીષ્ઠ શેઠ **પોપટલાલ કેવળદાસ** ભાઇના અગાશી મુકામે થયેલ કરુણ અવસાનની નોંધ લેતા અમો દુઃખ વ્યક્ત કરીએ છીએ. શેઠ પોપટલાલભાઇ તા. ૨૨ સવારે ઘરેથી અગાશી ગયા હતા જ્યાં દેરાસરજીમાં પૂજા–સેવા કરી ગામ બહાર એક નિર્જન વાડીમાં ગયા અને કહેવાય છે કે ત્યાં કપડાં ઉતારી કુવામાં જળસમાધિ લીધી.

શેઠશ્રી પોપટલાલભાઇ આ સભાના થોડા વખત પહેલાં પેટ્રન થયા હતા.

મર્હુમ શેઠશ્રી પોપટલાલભાઇ આપબળે આગળ આવેલા હોઇ મધ્યમ વર્ગના અનેક કુટુંબોના તારણહાર તેમજ દાનેશ્વરી હતા, તેમજ ઘણી સંસ્થાઓમાં અગ્રગણ્ય કાર્યકર હોવા ઉપરાંત મુંગી સેવા બજાવતા હતા. તેઓશ્રી ધર્મપ્રેમી તેમજ સરળ ને શાંત સ્વભાવી હતા. અમો મર્હુમના આત્માની શાન્તિ ઇચ્છીએ છીએ તેમજ તેઓના પવિત્ર આત્માને અખંડ અનંત શાંતિ પ્રાપ્ત થાઓ તેમ પ્રાર્થીએ છીએ.

---

આ સભાના ટ્રેઝરર શેઠ **અમૃતલાલ છગનલાલ** પૂર્વના પુણ્યથી સર્વ રીતે સુખી હતા, નિવૃત્તિપરાયણ પણ લગભગ હતા. ઘણા વર્ષોથી સભાના ટ્રેઝરર તરીકે સેવા કરતા આવ્યા છે. સહાનુભૂતિ પણ પૂર્ણ ધરાવે છે. આવા પુણ્યવંત પુરુષને પૂર્વ ભવના અશુભના ઉદયે કેટલાંક વખતની સામાન્ય બિમારી ભોગવતાં, પૂર્ણ સારવાર કરવા છતાં આયુષ્ય પૂર્ણ થઇ જતાં તેઓશ્રીના લઘુ સુપુત્ર ભાઇ નટવરલાલ પોસ વદ ૫ ના રોજ એકાએક સ્વર્ગવાસી થયા છે. ભાઇશ્રી અમૃતલાલને આ ઉંમરે સખ્ત ઘા પડ્યો છે, પરંતુ ભાવિભાવ બળવાન છે, મનુષ્યનું તેની પાસે ચાલતું નથી. ભાઇ નટવરલાલના સ્વર્ગવાસ થવાથી આ સભાને પણ અત્યંત શોક થયો છે. તે માટે એક દિવસ સભા બંધ રાખવામાં આવી હતી, અને આ સભાની મેનેજીંગ કમીટી બોલાવી ખેદ પ્રદર્શિત કરી શેઠ અમૃતલાલભાઇ અને કુટુંબને આ આવી પડેલા દુઃખ માટે પ્રમુખની સહીથી દિલાસાપત્ર લખી મોકલ્યો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી તીર્થંકર ચરિત્ર ( સચિત્ર )

## ( શ્રી અમરચંદ્રાચાર્યકૃત )

ધર્મકથાનુયોગમાં શ્રી તીર્થંકર ભગવંતોના ચરિત્ર જેમાં આવેલ હોય છે તે ઉત્તમોત્તમ ધર્મકથા કહેવાય છે, જેના વાંચન–મનન અને અનુકરણથી મનુષ્ય મહાન પુરુષ બને છે, પરંતુ તેનું પઠન–પાઠન બાલ્યાવસ્થામાંથી જ શરૂ કરવું જોઇએ કે જેથી બાળકોને વાંચતા રસ ઉત્પન્ન થાય, દૃઢશ્રદ્ધા પ્રકટે, કંટાળો ન ઉપજે સહેલાઇથી મનન કરી કંઠાગ્ર થઈ શકે અને મોટી ઉમરે પણ તે ભૂલી ન શકે. આવા સંક્ષિપ્ત જિનેશ્વર દેવોના ચરિત્રો જ બાળજીવોને પ્રાથમિક ભૂમિકારૂપ હોવાથી આ શ્રી તીર્થંકર ચરિત્ર ગ્રંથ ખાસ ઉચ્ચ કોટિનો મનાયો છે. વળી આ ગ્રંથમાં જોઇએ તેટલું અને કંઠાગ્ર થઈ શકે તેટલું જ ચરિત્ર વર્ણન આપવામાં આવેલું છે. મૂળ સંસ્કૃત ભાષામાં રચેલ ગ્રંથનો આ સુંદર સાદી, સરળ ગુજરાતીમાં તેનો અનુવાદ છે. તેમાં વિશિષ્ટતા–સુંદર સંકલના એ છે કે પ્રથમ મુખ્દર્શન ઉપર પવિત્ર શ્રી શત્રુંજય તીર્થનો વિવિધ રંગોના દૃશ્ય સાથે ફોટો આવેલ છે. ગ્રંથની શરૂઆતમાં પૂજ્યશ્રી હરિભદ્રાચાર્ય કૃત મહાદેવ અષ્ટક, પછી અનુક્રમે દરેક તીર્થંકર ભગવંતોના વિવિધ રંગના ફોટાઓ, ઇન્દ્ર મહારાજની ભક્તિ અને નિર્વાણભૂમિના રંગીન દૃશ્યો, પછી પરમાત્માના ચરિત્રો, વચમાં શ્રી યશોવિજયજી મહારાજકૃત પરમાત્મ જ્યોતિ પચ્ચીશી, પરમાત્મા પચ્ચીશી, શ્રી હેમચંદ્રાચાર્યકૃત વીતરાગસ્તોત્ર અને છેવટ શ્રી સિદ્ધસેન દિવાકરકૃત બત્રીશીએ સર્વ મૂળ અર્થ સાથે આપવામાં આવેલ છે. સુંદર બાઇંડીંગ વગેરેથી આકર્ષક, અનુપમ આ ગ્રંથ તૈયાર કરવામાં આવેલ છે. ઉંચી જાતના પેપરો ઉપર ગુજરાતી અક્ષરોમાં તૈયાર કરવામાં આવેલ તૈયાર છે. કિંમત રૂા. ૬–૦–૦ (પોસ્ટેજ જુદું)

---

### શ્રી દેવભદ્રાચાર્ય કૃત–

# શ્રી કથારત્નકોષ ગ્રંથ ( અનુવાદ )

યથાર્થ નામને શોભાવતો આ કથારત્નકોષ ગ્રંથ સંવત ૧૧૫૮ ની સાલમાં પૂજ્ય પૂર્વાચાર્ય મહારાજે મૂળ પ્રાકૃતભાષામાં સુમારે સાડાબાર હજાર શ્લોકપ્રમાણમાં વિદ્વત્તાપૂર્ણ રીતે રચેલો છે. આ ગ્રંથમાં સમ્યક્ત્વાદિના ત્રીશ સામાન્ય ગુણો અને પંચ અણુવ્રતના સત્તર વિશેષ ગુણો મળી પચાસ ગુણો સુંદર, અનુપમ, વાચકને રસ ઉત્પન્ન કરે તેવી કથાઓ જે માંહેની ઘણી કથાઓ તદ્દન નવીન બીજે નહિં જોવાયેલી, નહિં વાંચવા સાંભળવામાં આવેલી અને પ્રથમ જે જે ગુણો વંચાય તે તે ગુણો ગ્રહણ કરવાની વાચકને ઘડીભર તો જિજ્ઞાસા થાય તેવી અને આત્માને આલ્હાદ ઉત્પન્ન કરે તેવી કથાઓ છે.

દરેક કથાના વર્ણનમાં અને ઉપસંહારમાં તે તે ગુણોનું સ્વરૂપ, તેનું વિવેચન, તેના લગતા ગુણદોષો, લાભહાનિનું નિરૂપણ અતિ વિદ્વત્તાપૂર્ણ રસભરિત રીતે કર્યું છે.

ગુણોના વર્ણન ઉપરાંત પ્રસંગોપાત અનેક મહત્વના વિષયો જેવાં કે ઉપવન, ઋતુ, રાત્રિવર્ણનો વગેરે; તેમ જ રાજકુળના પરિચયથી થતાં લાભો, સત્પુરુષોનો માર્ગ, આપઘાતના દોષો, દેવદર્શન, પુરુષોના પ્રકારો, નહિ કરવાલાયક, છોડવાલાયક, ધારણ કરવાલાયક, વિશ્વાસ નહિ કરવાલાયક, અતિથિસત્કારાદિ અનેક વિષયો, છીંકવિચાર, રત્નલક્ષણો, સામુદ્રિક, રત્નપરીક્ષા વગેરે લોકમાનસને આકર્ષક સ્થૂલ વિષયો, દેવગુરુધર્મતત્ત્વનું અનુપમ સ્વરૂપ, વ્યવસ્થાપનવાદ સ્થળ, આઠ પ્રાતિહાર્યનું સ્વરૂપ, ધર્મતત્ત્વપરામર્શ, જિનપૂજાનું વિસ્તૃતસ્વરૂપ, સામાન્ય ધર્મોપદેશ, મૂર્તિપૂજા વિષયિક વર્ણન, અભક્ષ્ય અનંતકાય ભક્ષણદોષપણું આદિ ગંભીર ધાર્મિક વિચારો, ઉપધાન, ધ્વજારોપણ તથા મૂર્તિપ્રતિષ્ઠા આદિ વિધાનો અને અંતર્ગત અનેક કથાઓ, સુભાષિતો આદિ વિવિધ વિષયો આપવામાં આવ્યા છે. જેથી કર્તા આચાર્યમહારાજ કેટલા સમર્થ અને બહુશ્રુત આચાર્ય હતા અને તેમની આ કૃતિ પાંડિત્યપૂર્ણ અને અર્થગંભીર એટલી બધી છે કે મનનપૂર્વક નિરંતર પઠનપાઠનથી વાચક જરૂર આત્મકલ્યાણ સાધી શકે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 314

આ ગ્રંથ ઘણો જ મ્હોટો હોવાથી બે ભાગમાં પ્રકાશન કરવાનો હોવાથી આ તેનો પ્રથમ ભાગનું પ્રકાશન કરવામાં આવ્યું છે. મૂળ ગ્રંથના સંપાદક, મહાન સંશોધક સાક્ષરશિરોમણિ કૃપાળુ શ્રી પુણ્યવિજયજી મહારાજશ્રીની લખેલી વિદ્વત્તાપૂર્ણ ગુજરાતી ભાષામાં મૂળ ગ્રંથમાં આવેલી છે તે જ પ્રસ્તાવના આ પ્રથમ ભાગમાં અમોએ પ્રગટ કરી છે, જેથી ગ્રંથકર્તા પૂર્વાચાર્ય અને સંપાદક મહાત્માશ્રીની વિદ્વત્તા માટે અપૂર્વમાન વાંચકને ઉત્પન્ન થયા સિવાય રહેશે નહિં.

ઊંચામાં ઊંચા ટકાઉ કાગળો ઉપર સુંદર ગુજરાતી અક્ષરોથી ચાલીશ ફોર્મ ક્રાઉન આઠ પેજીમાં વિવિધ રંગીન કવરઝેકેટ મજબૂત બાઈંડીંગથી વધતી જતી સખ્ત છાપકામની મોંઘવારી છતાં સુંદરમાં સુંદર આ ગ્રંથનું પ્રકાશન કરેલ છે. કિંમત રૂા. ૧૦-૦-૦ પોસ્ટેજ જુદું

## શ્રી શ્રેયાંસનાથ જિનેશ્વરનું સચિત્ર ચરિત્ર.

પૂર્વાચાર્ય શ્રી માનતુંગસૂરીશ્વરજી રચિત શુમારે પાંચ હજાર ઉપરાંત શ્લોક પ્રમાણ સંસ્કૃત ભાષામાં રચેલ આ અનુપમ કૃતિનો ગુજરાતીમાં અનુવાદ ( ગ્રંથ ) છપાય છે. ઊંચા કાગળો, સુંદર ગુજરાતી ટાઈપો, પ્રાચીન કલાની દૃષ્ટિએ સુંદર પરિકર સાથેનો, પ્રભુનો ફોટો, શાસનદેવ સહિત પ્રભુનો ફોટો, શ્રી સમેત્તશિખર નિર્વાણ પામ્યાના વખતનો, મેરૂપર્વત જન્માભિષેકનો, જ્યાં પ્રભુના ચાર કલ્યાણો થયા છે તે, **સિંહપુરી** નગરના વર્ણન સહિતનો અને સુંદર કવર ઝેકેટનો અને પરમ ગુરૂદેવશ્રી આત્મારામજી મહારાજનો વગેરે સર્વ રંગીન આર્ટ પેપર ઉપર સુંદર ફોટાઓ સાથે અને અલંકૃત બાઈંડીંગ સાથે પ્રગટ થશે. આ ગ્રંથમાં આર્થિક સહાય આપનાર પુણ્યવંત ભાગ્યશાળી શ્રીમંત જૈન બ્હેનો કે બંધુઓનો પણ ફોટો જીવનચરિત્ર સાથે આ ચરિત્રમાં આપવામાં આવશે. સુકૃતની લક્ષ્મીનો જ્ઞાનોદ્ધાર જ્ઞાનભક્તિ માટે અવશ્ય લાભ કોઈ પણ પરમ શ્રદ્ધાળુ આત્માએ ખાસ લેવા જેવું છે. જીવનમાં આવો જ્ઞાનભક્તિનો પ્રસંગ સુકૃત લક્ષ્મી અને પૂર્વના પુણ્યયોગે જ મળી શકે છે. આ જ્ઞાન અને પ્રભુભક્તિના ઉત્તમ કાર્ય માટે કોઈ પુણ્યપ્રભાવક જૈન બંધુઓની આર્થિક સહાયની જરૂર છે.

## કલિકાળસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજકૃત–
### શ્રી ત્રિષષ્ટિશલાકા પુરુષ ચરિત્ર મૂળ.

( બીજો ભાગ–પર્વ ૨, ૩, ૪. ) ( શ્રી અજિતનાથ પ્રભુથી શ્રી ધર્મનાથ પ્રભુ સુધી )

ત્રણ પર્વો સુમારે પચાશ ફોર્મમાં સુંદર ઉંચા લેઝર પેપર ઉપર સુંદર શાસ્ત્રી ટાઈપમાં નિર્ણયસાગર પ્રેસમાં પ્રતાકાર તથા બુકાકારે બંને સાઈઝમાં છપાઈ તૈયાર થયો છે, હજી સુધી વધતી સખ્ત મોંઘવારીને લઈને સુંદર કાર્ય કરાવતાં ઘણો મ્હોટો ખર્ચ થયો છે. કિંમત પ્રતાકાર રૂા. ૧૦ બુકાકારે રૂા. ૮) પોસ્ટેજ જુદું પ્રથમ ભાગની જુજ બુકાકારે સિલિકે છે જે જ્ઞાનભંડારોમાં રાખવા જેવી છે. કિંમત છ રૂપીયા પોસ્ટેજ અલગ.

## શ્રી પાર્શ્વનાથ પ્રભુ (સચિત્ર) ચરિત્ર.

( ઘણી થોડી નકલો સિલિકે છે. )

આ શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર સચિત્ર, સુંદર, આકર્ષક અને આત્મકલ્યાણ સાધનારૂં હોવાથી જૈન સમાજમાં પ્રિય થઈ પડવાથી, જિજ્ઞાસુ જૈન બંધુઓ અને બ્હેનો આ ચરિત્ર ગ્રંથ ભેટ મંગાવે છે, જેથી હવે પછી **નવા થનારા લાઈફ મેમ્બર બંધુએ અને બ્હેનોએ રૂા. ૧૦૧) લાઈફ મેમ્બર ફીના તથા રૂા. ૭) શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્રના મળી રૂા. ૧૦૮) મોકલી આપશે તેમને ( સલિકમાં હશે ત્યાં સુધી ) ભેટ આપવામાં આવશે. કિંમત રૂા. ૧૩) તેર.**

મુદ્રક : શાહ ગુલાબચંદ લલ્લુભાઈ શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ : દાણાપીઠ–ભાવનગર.

For Private And Personal Use Only